અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૩, રવિવાર
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો સુદ બીજ

વર્ષ : ૧૫
અંક : ૫૨

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### એશિયાકપની ફાનલમાં ભારત-શ્રીલંકાની ૭ વાર ટક્કર થઈ છે



। કોલંબો, તા.૧૬ ।

ભારત અને શ્રીલંકાના રૂપમાં એશિયા કપને બે ફાઈનલિસ્ટ મળી ગયા છે. ટુર્નામેન્ટની ફાઈનલ મેચ આવતીકાલે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાશે. એશિયા કપ ૨૦૨૩માં ભારત ફાઈનલમાં પહોંચનાર પ્રથમ ટીમ બની હતી. ત્યારબાદ સુપર-૪માં શ્રીલંકા પાકિસ્તાનને હરાવી ફાઈનલમાં પહોંચી હતી. એશિયા કપમાં પહેલીવાર નહી હોય કે ભારત અને શ્રીલંકાની ટીમ સામેસામે હશે. આ પહેલા ફાઈનલમાં બંને ટીમોની ૭ વખત ટક્કર થઈ ચુકી છે. ભારત અને શ્રીલંકા વચ્ચે પહેલી ફાઈનલ મેચ વર્ષ ૧૯૮૮માં રમાઈ હતી જેમાં ભારતને જીત મળી હતી.

### બારામુલ્લામાં સેનાએ ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા

। જમ્મુ, તા.૧૬ ।

જમ્મુ કાશ્મીરના અનંતનાગ વિસ્તારમાં ચાલી રહેલા એનકાઉન્ટર વચ્ચે આજે સેનાએ સવારથી જ બારામુલ્લાના એલઓસીપાસે ઉરી, હથલંગા વિસ્તારમાં સેનાએ પોલીસ સાથે મળીને સર્ચ ઓપરેશન શરુ કર્યું હતું જે હજુ પણ ચાલી રહ્યું છે. આ એનકાઉન્ટરમાં સેનાએ કુલ ત્રણ આતંકવાદીઓનો ખાત્મો કર્યો છે. બારામુલ્લામાં આજ સવારથી ચાલી રહેલા એનકાઉન્ટરમાં જમ્મુ કાશ્મીર પોલીસે સોશ્યલ મીડિયા સાઈટ એક્સ(આગાઉનું ટ્વિટર) પર જણાવ્યું હતું કે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

### લખનઉમાં મકાનની છત ધરાશાયી થતાં પાંચનાં મોત

। લખનઉ, તા.૧૬ ।

લખનઉમાં એક મોટી દુર્ઘટના બની છે જેમાં એક મકાનની છત ધરાશાયી થતા પાંચ લોકોના કરુણ મોત થયા છે. આ દુર્ઘટના આલમબાગની રેલવે કોલોનીમાં થઈ છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રેલવે કોલોની સ્થિત ઘરની છત ધરાશાયી થતા એક જ પરિવારના ૩ બાળકો સહિત ૫ના મોત થયા છે. ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં એક કરુણ ઘટના બની છે.

**૫૦ કરોડ પાઉન્ડ એટલે કે ૬૨ કરોડ ડોલર ટાટા સ્ટીલને અનુદાન સ્વરૂપે મળશે, બાકીની રકમનું રોકાણ ટાટા સ્ટીલ કરશે**

## રતન ટાટા યુકેમાં કરી રહ્યા છે અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ

। નવી દિલ્હી, તા.૧૬ ।

ભારતના અગ્રણી ઉદ્યોગપતિ રતન ટાટા યુકેમાં અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ કરવા જઈ રહ્યા છે. રતન ટાટાએ મોટો નિર્ણય લીધો છે. ટાટા સ્ટીલ અને બ્રિટિશ સરકાર વચ્ચે નાણાકીય પેકેજ પર સહમતિ બની છે. ટાટા સ્ટીલે વેલ્સમાં પોર્ટ ટેલ્બોટ સ્ટીલ પ્લાન્ટમાં મોટા રોકાણ માટે યુકે સરકાર સાથે મહત્વના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર હેઠળ યુકે સરકાર ટાટા સ્ટીલને સબસિડી આપશે. બ્રિટને શુક્રવારે જાહેરાત કરી હતી કે તે વેલ્સમાં દેશના સૌથી મોટા સ્ટીલવર્ક માટે ટાટા સ્ટીલ સાથે સંયુક્ત રોકાણ પેકેજ માટે સંમત છે. પોર્ટ ટેલ્બોટ પ્રોજેક્ટમાં ૧.૨૫ બિલિયન પાઉન્ડના સંયુક્ત રોકાણની યોજના પર ટાટા સ્ટીલ અને બ્રિટિશ સરકાર વચ્ચે સહમતિ બની છે. તેમાંથી ૫૦ કરોડ પાઉન્ડ એટલે કે ૬૨ કરોડ ડોલર ટાટા સ્ટીલને અનુદાન સ્વરૂપે મળશે. બાકીની રકમનું રોકાણ ટાટા સ્ટીલ કરશે. વેલ્સમાં સ્ટીલવર્ક માટે યુકે દ્વારા ટાટા સ્ટીલ સાથે સંયુક્ત રોકાણ પેકેજ કરારમાં ૫૦૦ મિલિયન પાઉન્ડ સુધીની ગ્રાન્ટનો સમાવેશ થાય છે.






### ટાટા સ્ટીલનું આ રોકાણ પ્લાન્ટ ચલાવવામાં અને પ્રદૂષણ ઘટાડવામાં મદદ કરશે

આ પ્રોજેક્ટની મદદથી વેલ્સના સ્ટીલ પ્લાન્ટમાં ગ્રીન એનર્જીના ઉપયોગથી સંબંધિત ટેક્નોલોજી લગાવવામાં આવશે. ટાટા સ્ટીલનું આ રોકાણ પ્લાન્ટ ચલાવવામાં અને પ્રદૂષણ ઘટાડવામાં મદદ કરશે. ટાટા ગ્રુપના ચેરમેન એન. ચંદ્રશેખરને આ જાહેરાત પર ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે, યુકે સરકાર સાથેનો કરાર એ સ્ટીલ ઉદ્યોગના ભાવિ અને ખરેખર યુકેમાં ઔદ્યોગિક મૂલ્ય શૃંખલા માટે નિર્ણાયક ક્ષણ છે.



રોકાણ નોકરીઓ જાળવી રાખશે અને સાઉથ વેલ્સમાં ઔદ્યોગિક આધાર બનાવશે. ઈકોસિસ્ટમના વિકાસ માટે એક વિશાળ તક રજૂ કરશે. તેમણે ઉમેર્યું હતું કે, તેઓ આ દરખાસ્તો પર તેમના હિતધારકો સાથે જવાબદારીપૂર્વક કામ કરવા આતુર છે. તમને જણાવી દઈએ કે ટાટા સ્ટીલ યુકેએ આ વર્ષની શરૂઆતમાં તેના નાણાકીય જોખમને ઘટાડવાનો નોંધપાત્ર ભાગ પૂરો કર્યો હતો.

**નિપાહ વાયરસના કહેર** | **નિપાહ વાયરસને રોકવા માટે, કેન્દ્ર સરકારે ઓસ્ટ્રેલિયાથી મોનોક્લોનલ એન્ટિબોડીઝના ૨૦ ડોઝ ખરીદવાનો નિર્ણય કર્યો**

## નિપાહ કોરોના કરતા પણ ઘાતક, મૃત્યુદર ૪૦-૭૦ ટકા વચ્ચે છે

। નવી દિલ્હી, તા.૧૬ ।

દુનિયા કોરોના વાયરસના આતંકથી વાકેફ છે. ત્યારબાદ અલગ-અલગ જગ્યાએ પર અન્ય ઘણા પ્રકારના વાયરસ જોવા મળ્યા છે. આ જ રીતે હાલ કેરળના કોઝિકોડ જિલ્લામાં નિપાહ વાયરસના કારણે બે લોકોના મોત અને પાંચ શંકાસ્પદ લોકોની પુષ્ટિ થયા બાદ ખળભળાટ મચી ગયો છે. જેમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડીકલ રિસર્ચ (આઈસીએમઆર)ના ડીજી રાજીવ બહલે ડેટા જાહેર કર્યો છે. ન્યૂઝ એજન્સી અનુસાર, નિપાહ વાયરસમાં મૃત્યુદર ૪૦-૭૦ ટકાની વચ્ચે છે. આ ઉપરાંત, નિપાહ વાયરસને રોકવા માટે, કેન્દ્ર સરકારે ઓસ્ટ્રેલિયાથી મોનોક્લોનલ એન્ટિબોડીઝના ૨૦ ડોઝ ખરીદવાનો નિર્ણય કર્યો છે. આઈસીએમઆર ચીફે કહ્યું, 'વર્ષ ૨૦૧૮ માં, અમે ઓસ્ટ્રેલિયાથી મોનોક્લોનલ એન્ટિબોડીઝના કેટલાક ડોઝ લીધા હતા.

### આઉટેજ પાછળનું કારણ ટેક્નિકલ સમસ્યા હોઈ શકે છે



૨૦ વધુ ડોઝ ખરીદી રહ્યા છીએ. પરંતુ આ દવા ઇન્ફેક્શનના પ્રારંભિક તબક્કામાં આપવી પડે છે.' આ સિવાય તેમણે કહ્યું કે આ વાયરસથી ઇન્ફેક્ટેડ ૧૦૦ લોકોમાંથી ૪૦-૭૦ લોકોના મોતનો ખતરો છે. રાજીવ બહલે કહ્યું કે કોરોના ચેપમાં મૃત્યુ દર માત્ર ૨-૩ ટકા હતો. નિપાહમાં સંક્રમિત લોકોનો મૃત્યુદર સરખામણીમાં ઘણો વધારે છે. જે ૪૦ થી ૭૦ ટકા વચ્ચે છે. હાલમાં તેના ઇન્ફેક્શનથી બચવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે.કેરળના આરોગ્ય મંત્રી વીણા જ્યોર્જે પુષ્ટિ કરી કે આ વાયરસનો બાંગ્લાદેશી સ્ટ્રેન છે અને તે માણસથી માણસમાં ફેલાય છે. કેરળમાં નિપાહ વાયરસના કારણે બે લોકોએ જીવ ગુમાવ્યા છે. તેણે એ પણ જણાવ્યું કે આ પ્રકાર ઓછો ચેપી છે પરંતુ તેનો મૃત્યુદર વધારે છે.

**ઈન્સ્ટન્ટ લોન એપ્સ પર પ્રતિબંધની તૈયારી**

### અસુરક્ષિત એપ સ્ટોર પર લિસ્ટ ન કરવા ગુગલ-એપલને નિર્દેશ

। નવી દિલ્હી, તા.૧૬ ।

જો તમને પણ તાત્કાલિક લોન આપનારા એપ્સથી પરેશાની હોય તો તમારા માટે આ મોટા સમાચાર છે. ભારતમાં તમામ પ્રકારની ઈન્સ્ટન્ટ લોન એપ્સ પર પ્રતિબંધ મૂકવાની તૈયારી ચાલી રહી છે. સરકારે આ મામલે ગૂગલ અને એપલને આદેશ આપી દીધો છે. સરકારે આ નિર્ણય આવી લોન એપ્સ દ્વારા લોકો સાથે થઈ રહેલી ઠગાઈ-છેતરપિંડીને ધ્યાનમાં રાખીને લીધો છે. કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફર્મેશન ટેક્નોલોજી રાજ્યમંત્રી રાજીવ ચંદ્રશેખરે કહ્યું કે આજે ગુગલ એપ સ્ટોરઅને એપલ એપ સ્ટોરબંને પર અનેક એપ્લિકેશન છે જેનો ભારતીયો દ્વારા ઉપયોગ કરાય છે. અમે એપ્લિકેશનના એક સેટને ટ્રેક કરી રહ્યા છીએ જે લોન એપ્લિકેશન છે. તેમણે આગળ કહ્યું કે અમે ગુગલઅને એપલબંનેને એક એડવાઈઝરી જાહેર કરી છે કે તેઓ અસુરક્ષિત એપ્લિકેશન કે ગેરકાયદે એપ સ્ટોર પર લિસ્ટ ન કરે.

**પટણામાં દુધની ઉઘરાણી મુદ્દે ૨ જુથો વચ્ચે મારામારી**

## પટણામાં બે જૂથોની અથડામણમાં ૫૦ રાઉન્ડ ફાયરિંગ : ત્રણનાં મોત

### બંને જુથો વચ્ચે દુધની બાકી ચુકવણી બાબતે વિવાદ

। પટણા, તા.૧૬ ।

પટણામાં દુધની ઉઘરાણી મુદ્દે ૨ જુથો વચ્ચે મારામારી થવાની ઘટના બની... બંને જુથોના લોકો વચ્ચે ૫૦ રાઉન્ડ ફાયરિંગ થયા બાદ અફરાતફરીના માહોલ સર્જાયો છે... ફાયરિંગમાં ૩ લોકોના મોત નિપજ્યા છે. પટણાના એસએસપી રાજીવ મિશ્રાએ જણાવ્યું કે, દુધની ઉઘરાણી મામલે બંને જુથો વચ્ચે વિવાદ ચાલી રહ્યો હતો... એક જૂથના લોકો ઉઘરાણી કરવા માટે ગયા હતા, ત્યારે બંને જૂથો વચ્ચે બોલાચાલી શરૂ થઈ અને જોત જોતામાં ફાયરિંગ શરૂ થઈ ગયું. બિહારના પટણા જિલ્લામાં દુધના ૪૦૦ રૂપિયાની ઉઘરાણીના વિવાદમાં ૩ લોકોની ગોળી મારીને હત્યા કરાઈ છે. આ ઘટના ફતુહા પોલીસ સ્ટેશન હેઠળના સુરગાપર વિસ્તારનો છે. ગુરુવારે મોડી રાત્રે ૧૦ વાગે આ ખુની ખેલ શરૂ થયો હતો. ફાયરિંગ શરૂ થતા જ આસપાસના લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. ફાયરિંગમાં પ્રદીપ કુમાર (૩૫), શૈલેશ કુમાર (૪૦) અને જય સિંહ (૫૦)નું મોત થયું છે. જ્યારે ૨૨ વર્ષના યુવક મિંટૂસ કુમાર ઈજાગ્રસ્ત થયો છે. પટણાના એસએસપી રાજીવ મિશ્રાએ ઘટના અંગે કહ્યું કે, બંને જુથો વચ્ચે દુધની બાકી ચુકવણી બાબતે વચ્ચે વિવાદ ચાલી રહ્યો હતો.




સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743




આણંદ જિલ્લાના તમામ તાલુકાઓમાં માનદ પત્રકાર નિમવાના છે સંપર્ક કરો



મનિષ પ્રજાપતિ
મો.88493 69594



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CNN
CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.co.in વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

# મોદી તુંમને ને કર દીયા કમાલ : હેપી બર્થડે પીએમ મોદી

# મોદી સરકાર ના ૯ વર્ષ : વિકસિત ભારતનો વિશ્વમાં ડંકો વગાડ્યો





**વિશેષ**

**લેખક : દીપક જગતાપ**



આ જેનરેન્દ્રમોદીનુંનામ૧૪૦કરોડનાગરિકોના મોઢે સૌથી વધુ ચર્ચાતું અતિલોકપ્રિય નામ છે. ટૂંકા ગાળામાં ગુજરાતના મુખ્યમંત્રીથી માંડીને વડા પ્રધાન સુધી પહોંચવાની સફર સૌ કોઈને ઈર્ષ્યા ઉપજાવે છે. એક તરફ એકલા મોદી અને બીજી તરફ વિરોધ પક્ષોનો કાફલો એમના વિરોધ વંટોળ સામે અડીખમ ઉભા રહેનાર નરેન્દ્રભાઈ મોદીને હરાવી તો ન શક્યા પણ વિરોધ પક્ષ ખુદ મોદીના વિકાસની આંધીમાં ક્યાંક ફાંગોળાઈ ગયા.

વિકાસ પુરુષના નામથી જાણીતા બનેલા મોદી નું ડ્રિમ સ્વપ્ર વિશ્વની સૌથી ઊંચી સરદાર પટેલની સ્ટેચ્યુ ઑફ યુનિટીનું નિર્માણ કરી વિશ્વના પ્રવાસીઑને આકર્ષ્યા. મોદી સરકાર ના ૯વર્ષ માં વિકસિત ભારતનો વિશ્વમાં ડંકો વગાડી દીધો.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દૂરંદેશીના પરિણામે વૈશ્વિક સ્તરે ભારતનું ચિત્ર ઘણું બદલાઈ ગયું.

પીએમ મોદીની દુરંદેશીતાને કારણે ચન્દ્રયાન -આદિત્ય યાન દ્વારા ભારત ચન્દ્ર સુધી, સૂર્ય તરફ પહોંચી ટેક્નોલોજીની દુનિયામાં વિશ્વના નામ અંકિત કરી દેશને ગૌરવ અપાવ્યું. તો છેલ્લે જી -૨૦ની સફળતાએ મોદીએ વિશ્વમાં ભારતનું નામ રોશન કર્યું. મોદી હે તો મુમકીન હે એ વાત લોકો પણ સ્વીકારતાં થયાં. જેને કારણે પ્રતિદિન એમની લોકપ્રિયતાનો ગ્રાફ સતત ઊંચો જઈ રહ્યો છે. ત્યારે ૧૭મી સપ્ટેમ્બરે મોદીનો જન્મદિવસ છે ત્યારેસમગ્ર દેશ મોદીનો જન્મદિવસ સેવા દિવસ તરીકે ઉજવાય છે. મોદી સૈનિકોની વચ્ચે જઈને જન્મદિવસ ઉજવે છે. ભારત વિશ્વની મહાસત્તા બનવાની તાકાત ધરાવે છે ત્યારે મોદી જેવા વડાપ્રધાનની આ દેશને તાતી જરૂર છે આજના જન્મદિવસે નરેન્દ્રભાઈ ને દિલથી જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવીએ. કે તમે દેશને ઉન્નતભારત, શ્રેષ્ઠ ભારત, વિકસિત ભારત તરીકે વિકસાવો એવી અગ્રીમ શુભકામના. એમના રાજકીય કાર્યકાળની વાત કરીએ તો શ્રી નરેન્દ્ર મોદીએ ૩૦ મે, ૨૦૧૯નાં રોજ ભારતનાં પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા હતા. આ પ્રધાનમંત્રી તરીકે તેમનાં બીજા કાર્યકાળની શરૂઆત હતી. આઝાદી પછી જન્મેલા ભારતનાં પ્રથમ પ્રધાનમંત્રી શ્રી મોદીએ અગાઉ વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૯ દરમિયાન પ્રધાનમંત્રી તરીકે જવાબદારી નિભાવી હતી.



વળી તેઓ ગુજરાતમાં સૌથી વધુ સમય સુધી એટલે કે ઓક્ટોબર, ૨૦૦૧થી મે, ૨૦૧૪ સુધી સેવા આપનાર મુખ્યમંત્રીની ઉપલબ્ધિ પણ ધરાવે છે.

વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીઓમાં મોદીનાં નેતૃત્વમાં ભારતીય જનતા પક્ષે વિક્રમી વિજય મેળવ્યો હતો. તેમજ બંને ચૂંટણીઓમાં સ્પષ્ટ બહુમતી મેળવી હતી. આ અગાઉ માત્ર વર્ષ ૧૯૮૪માં યોજાયેલી લોકસભાની ચૂંટણીઓમાં કોઈ પણ રાજકીય પક્ષે આ પ્રકારે સ્પષ્ટ બહુમતી મેળવી ન હતી. 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ'નાં મંત્ર સાથે મોદીએ વહીવટી પ્રક્રિયામાં મોટા પાયે પરિવર્તન લાવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે, જે સમાવેશકતા, વિકાસલક્ષી અભિગમ અને ભ્રષ્ટાચારમુક્ત શાસન તરફ દોરી ગઈ છે. પ્રધાનમંત્રી સરકારી યોજનાઓ કે સરકારી સેવાઓનાં લાભ અંત્યોદયનો ઉદ્દેશ પાર પ ડે કે છેવાડાનાં માનવી સુધી પહોંચે એ માટે ઝડપથી, વ્યાપકપણે કામ કરી રહ્યાં છે.

અગ્રણી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ પણ નોંધ્યું છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભારત ઝડપ થી ગરીબી નાબૂદી કરવા અગ્રેસર છે. આ માટે કેન્દ્ર સરકારનાં ગરીબલક્ષી શ્રેણીબદ્ધ નિર્ણયો જવાબદાર છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દૂરંદેશીના પરિણામે વૈશ્વિક સ્તરે ભારતનું ચિત્ર ઘણું બદલાઈ ગયું છે. વિપક્ષના તમામ અવરોધોને અવગણીને પીએમ મોદી દેશની સ્થિતિ સુધારવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે. તેમની યોજનાઓ દેશના ગરીબ વર્ગની મૂળભૂત જરૂરિયાતોને પહોંચી વળવા સક્ષમ સાબિત થઈ છે. આજે પીએમ મોદીની સત્તાના ૯ વર્ષ પૂરા થયા છે એટલે કે છેલ્લા નવ વર્ષથી તેઓ આ દિશામાં કામ કરી રહ્યા છે.

૨૬ મે ૨૦૧૪ના રોજ નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બન્યા હતા અને ૫ વર્ષના સફળ કાર્યકાળ બાદ તેમણે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ફરી ઐતિહાસિક જીત મેળવી અને હજુ સુધી આ પદ પર કાર્યરત છે. તેમના કાર્યકાળ દરમિયાન શરુ થયેલી યોજનાઓએ લોકોના જીવનમાં આમૂલ પરિવર્તન લાવ્યું છે. વડાપ્રધાન મોદીની સત્તાના ૯ વર્ષ દરમિયાન તમામ યોજનાઓ સફળ રહી છે. જોકે, આ સરળ ન હતું કારણકે દેશમાં વિપક્ષને પ્રજાના ભવિષ્ય કરતાં રાજકારણમાં વધુ રસ હતો.

જે ગામડામાં શૌચાલય હોવું એ માત્ર સપનું હતું. ત્યાં આજે 'હર ઘર શૌચાલય' જોવા મળે છે. ખુલ્લામાં શૌચક્રિયાને સામાન્ય માનતા લોકો પણ અરજી કરીને આ યોજનાનો લાભ ઉઠાવવા માગે છે. આ જ રીતે, અંતરિયાળ વિસ્તારોમાં પાણી માટે જે લોકોને લાંબી લાઈનોમાં ઊભવું પડતું હતું એમના માટે મોદી સરકાર 'હર ઘર નલ યોજના' લાવી.

હર ઘર નલ યોજનાનો ઉદ્દેશ દેશના ગ્રામીણ વિસ્તારના દરેક ઘરમાં પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવાનો છે. પહેલાં આ યોજના હેઠળ ૨૦૩૦ સુધીમાં દરેક ઘર સુધી શુદ્ધ પાણી પહોંચાડવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું હતું. પરંતુ હવે આ સમયમર્યાદા ૨૦૨૪ કરવામાં આવી છે.

### હર ઘર શૌચાલય યોજના

વડાપ્રધાનની હર ઘર શૌચાલય યોજનાએ પણ ગ્રામીણોના જીવનમાં મોટું પરિવર્તન આણ્યું છે. પહેલાં લોકો શૌચ માટે ઘરની બહાર જતા હતા અને હવે તેમના ઘરમાં શૌચાલયની સુવિધા છે. આ ઉપરાંત, ગામડાઓમાં જાહેર શૌચાલયનું પણ નિર્માણ થઈ રહ્યું છે. પીએમ મોદીએ તાજેતરમાં આપેલા નિવેદન અનુસાર, આ સંખ્યા ૧૧ કરોડને પાર થઈ ગઈ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરુ કરવામાં આવેલી તમામ યોજનાઓનો લાભ એક-એક વ્યક્તિને થયો છે. લોકો વડાપ્રધાનના પ્રયાસોના કારણે સ્વદેશી વસ્તુઓનું મૂલ્ય સમજ્યા અને વિદેશી વસ્તુઓનો ઉપયોગ પણ ઘટાડ્યો. કૌશલ યોજનાથી યુવાનોને યોગ્ય દિશા મળી, તો 'મેઈક ઈન ઈન્ડિયા' મિશનથી સ્ટાર્ટઅપ ઊભા કરીને તેમણે પોતાની ઓળખ બનાવી. ઉજ્જ્વલા યોજનાએ મહિલાઓને ચૂલાના ધુમાડાથી રાહત અપાવી, તો આયુષ્માન ભારતને કારણે ગરીબોને સારવાર મળી શકી.

એટલું જ નહીં, દીનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજનાના પરિણામે અંધારામાં ગરકાવ થયેલા ગામડાઓમાં વીજળી પહોંચી, પીએમ કિસાન સન્માન નિધિ યોજનાથી ખેડૂતોને દર મહિને ૬૦૦૦ રૂપિયા મળવા લાગ્યા. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ લોકોને ઘર બનાવવા માટે ૩૦,૦૦૦ રૂપિયા આપવામાં આવી રહ્યા છે. તો જન ધન યોજનાનો ફાયદો ૩૧ કરોડથી વધુ લોકોને મળી રહ્યો છે. મુદ્રા યોજના હેઠળ લોકો લોન લઈને નવા-નવા સાહસો શરૂ કરી રહ્યા છે.આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ ને જન્મદિવસથી અગ્રીમ શુભકામના પાઠવી વિરમીએ. અસ્તુ.

## વિશેષ લેખ

### કુદરતી ઢાલ સમાં પુથ્વીના રક્ષાકવચ ઓઝોન સ્તરમાં ગાબડાં ચિંતાનો વિષય

# એન્ટાર્કટિકાના વાતાવરણમાં ઓઝોન વાયુના પડમાં અમેરિકા કરતાં ત્રણ ગણા કદનું મસમોટો રાક્ષસી બાકોરું પડતા પર્યાવરણવાદીઓ ચિંતિત



**સાંપ્રત પ્રવાહો**

**લેખક : દીપક જગતાપ**

ઓઝોન સૂર્યમાંથી નીકળતા ખતરનાક અલ્ટ્રાવાયોલેટ કિરણોથી પૃથ્વીનું રક્ષણ કરે છે. આ ઓઝોન પડના રક્ષણ માટે વિશ્વ ઓઝોન દિવસ ઉજવાય છે. આપણી નંદનવન સમી પૃથ્વી માટે સુરક્ષા કવચ ગણાતો ઓઝોન વાયુના સ્તરમાં સતત પડી રહેલા ગાબડા પછી સમગ્ર વિશ્વ સાંફળું ચોંકી ઉઠયું છે. તાજેતરમાં જ એન્ટાર્કટિકાના વાતાવરણમાં ઓઝોન વાયુના પડમાં અમેરિકા કરતાં ત્રણ ગણા કદનું મસમોટો રાક્ષસી બાકોરું પડતા પર્યાવરણવાદીઓ ભારે ચિંતિત બન્યા છે.ઉત્તર ધ્રુવ પ્રદેશ આજે એટલી હદે પ્રદૂષિત થઈ ચૂક્યું છે કે ઉ.ધ્રુવ પ્રદેશના ઓઝોન હોલ જીવસૃષ્ટિ માટે અત્યંત નુકસાનકારક એવા પારજાંબલી વિકિરણોત્સર્જનને વધારી શકે એટલું જ નહીં. ઉત્તરીય ઉ.માન ઝોનના બાકીના ભાગ ઉપર ઉપરીય વાતાવરણનું વધારાનું પર ફેલાવીને બાકીના વાતાવરણના પડને પાતળું બનાવશે. છેલ્લા ૨૦ વર્ષમાં ઉ. ધ્રુવ પ્રદેશના ઓઝોનના પ્રમાણમાં થયેલા ઝડપી ઘટાડાની નોંધ લેતા વિજ્ઞાનીઓએ શોધ્યું છે કે એન્ટાર્કટિકાના ઓઝોન હોલ ના વધેલા કદની માફક ઉ.ધ્રુવ પ્રદેશ ઉપર છેલ્લા પાંચ વર્ષમાં આ નુકસાન ચિંતાજનક હદે વધ્યું છે. ઉ.ધ્રુવ પ્રદેશ ચક્રવાત વિસ્તારમાં ઓઝોનનું પ્રમાણ એટલી હદે વધી ગયું છે.કે કેનેડા સરકારે સ્થાનિક રહીશોને પારજાંબલી કિરણો સામે સાવચેતી લેવાની ચેતવણી આપી.આ ચેતવણી પોતે જ ઉ.ધ્રુવ પ્રદેશો ઓઝોન કટોકટીની વણસેલી હાલત દર્શાવી હતી. નાસાના ઉપગ્રહો દ્વારા થતા સર્વેક્ષણ ગત વર્ષેજ ચેતવણી આપી હતી કે ઉ.ધ્રુવ પ્રદેશના ઓઝોનનું પ્રમાણ તેની સૌથી નીચી સપાટીએ છે.

કેનેડાના પર્યાવરણ ભૌતિકશાસ્ત્રી તથા રસાયણશાસ્ત્રી ડેવિડ વોર્ડલેના જણાવ્યા અનુસાર ઉ.ધ્રુવ પ્રદેશનું ઓઝોન સ્તર ઘટી ગયું હોય સમગ્ર વાતાવરણ હજુ ઠંડુ બનશે.ગત શિયાળામાં માઈનસ ૮૦ ડીગ્રી સે.ગ્રે સુધી ઉ.માના ના કારણે સલ્ફ્યુરિક એસિડ, નાઈટ્રિક એસિડ અને બરફના વાદળો બંધાયા હતા. આ વાદળો માની રસાયણિક પ્રક્રિયા ઓઝોન હોલ માટે જવાબદાર છે. વોર્ડલે જણાવે છે કે ઉ.ધ્રુવ પ્રદેશ વિસ્તારમાં વધેલા ફલોરિનના અસામાન્ય પ્રમાણની સમસ્યાનો ઉકેલ હજી વિજ્ઞાનીઓને મળ્યો નથી. હાલમાં આ પ્રમાણ ૪૦૦ ટકા સુધી પહોંચ્યું છે. વિજ્ઞાનીઓ ચેતવણી આપે છે કે હાલના તબક્કે પણ કંઈ પગલાં ભરવામાં આવશે નહીં.તો આગામી ૨૦ વર્ષમાં ઉ.ધ્રુવ પ્રદેશમાં ગંભીર નુકસાન થશે.

સૂર્યપ્રકાશના હાનિકારક પારજાંબલી કિરણો સામે પૃથ્વીનું રક્ષણ કરતું ઓઝોનનું પડ કુદરતી ઢાલ ગણાય છે.પરંતુ પણ જોખમી હદે પાતળું થઈ રહ્યું છે. તાજેતરમાં આ એન્ટાર્કટિકાના સમુદ્ર પર




પણ ઓઝોનનું પડ પાતળું થઈ રહ્યું છે. ૧૦ વર્ષ પહેલાં એક વિશ્વ વ્યાપી કરાર અન્વયે ઓઝોનના પડને નુકસાન કરનાર દીર્ઘજીવી રસાયણોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકાયો છે. છતાં વાતાવરણમાં ભરેલા એ રાસાયણ હજી દાયકાઓ સુધી ઓછો ને પરેશાન કરતા રહેશે. આમ તો પૃથ્વી પરના ઓઝોન આપણને અન્ય ખાસ નુકસાન થતું નથી. પરંતુ ધ્રુવ પ્રદેશ પર હવામાન ની પરિસ્થિતી એટલી વિચિત્ર છે કે આ રસાયણોને ત્યા ઓઝોન ખાવાનું સહેલું પડે છે. ઉ. ધ્રુવ પર માર્ચ અને દ. ધ્રુવ પર સપ્ટેમ્બર માસમાં ઓઝોનના બાકોરા જોવા મળે છે. વિજ્ઞાનીઓ કહે છે કે ઓઝોનનો બાકોરું આ વર્ષે તો મોઢુ ન થતું અટકી ગયું છે. પરંતુ એ ક્ષેત્રમાં રહેલા ઓઝોનનું પડ ઉત્તરોઉત્તર પાતળું થતું જાય છે.

સ્ટ્રીટોસફિયરમાં રહેલા ઓઝોન સ્તરમાં હરકતોના કારણે વર્ષો પછી ન થવા લાગ્યું છે. ઓઝોનના અનુમાન ત્રણ-ત્રણ પરમાણુ ઓક્સિજનના રહેલા છે.ત્રણ ત્રણ પરમાણુ ધરાવતી અણુરચનાવાળા વાયુઓ કુદરતને મદદ કરતાં સાબિત થયા છે.માનવ હરકતોના કારણે વાતાવરણમાં ફેલાયેલા થયેલા તા ક્લોરોફ્લોરોકાર્બન જેવા વાયુઓ ઓઝોન અને દોડીને તેને ઘટાડી દે છે,પરિણામે હાનિકારક કિરણોથી પૃથ્વી પર સુધી ઊતરી આવે છે અને અનેક પ્રકારની માઠી અસરો પહોંચાડે છે.

જો ઓઝોનનું સ્તર ઘટે તો ત્વચાના કેન્સર અને મોતિયાંના પ્રમાણમાં વધારો થાય ઓઝોનના સ્તર ઘટતા પૃથ્વી પર છોડ અને સૂક્ષ્મતાસૂક્ષ્મ જીવાણુઓને માઠી અસર થાય.ઓઝોન વાસ્તવમાં પ્રાણવાયુ ઓક્સીજનનો અસ્થિર સ્વરૂપ છે. અને આપોઆપ વધે પણ છે.અને તેના મૂળમાં પારજાંબલી પ્રકાશ રહેલું છે.પણ આધારિત સીએફસી રસાયણો અને જૂના જમાના નામ એરોસોસ આ પ્રક્રિયા ખોરવી નાખે છે. ઓઝોન સ્તરના ગામડા માટે ઘણા બધા પરિબળો જવાબદાર છે.નિષ્ણાંતોની ચેતવણી છે કે નાઈટ્રોજન ખાતર ઓઝોન સ્તર માટે ભયજનક છે. આ ખાતર હવામાન નાઈટ્રોજન ઓક્સાઈડ છોડે છે.જે ઓઝનના આવરણને ૧૫ ટકાનો ઘટાડો કરી શકે છે. એ ઉપરાંત લડાયક સુપરસોનિક વિમાન વાતાવરણમાં એન્જિનના બળતણ માંથી નાઈટ્રોજન ઓક્સિઈડ છોડે છે.જેઓને ભરખી જાય છે જ્યારે કોકર્ન્ડ વિમાન આવાજ કરતાં બમણી ઝડપે ઉડતુ હોવાથી ૫૦ થી ૬૦ હજારની ઊંચાઈએ પાતળી હવામાં ઉડે છે. ત્યારે કોક્કર્ડ એન્જિનમાંથી જે નાઈટ્રોજન ઓક્સાઈડ નીકળે છે.તેના અણુ સૂર્યના પારજાંબલી કિરણો પડતા તે નાઈટ્રિક ઓક્સાઈડ માં ફેરવાય જતા તે ઓઝોન ભરખી લે છે.

એ ઉપરાંત એરો સોલ સ્પ્રે તરીકે ઓળખાતા કોસ્મેટિક સાધનો વપરાય છે. તેનાં કારણોમાં ફ્લોરો કાર્બન ભેળવેલું હોવાથી સ્પ્રે વડે છંટકાવ કરાય છે. તેમાં વપરાતા ફ્લોરો કાર્બન ૧૧ અને ફ્લોરો કાર્બન ૧૨ ઓઝોનના સંપર્કમાં આવતાં જ તેને ભરખી લે છે. એ ઉપરાંત વાતાવરણ કરતાં પણ અણુ ધડાકાઓ પણ ઓઝોન સ્તરને ભારે નુકસાન પહોંચાડે છે. નિષ્ણાંતોનું કહેવું છે કે વિશ્વવ્યાપી અણુયુદ્ધ ફાટી નીકળે તો વાતાવરણમાં ૭૦% ઓઝોન વાયુ નાશ પામે છે. ઓઝોન સ્તરમાં ગાબડું પાડવામાં રેફ્રિજરેટર અને એરકન્ડીશનર વપરાતા ક્લોરોફ્લોરોકાર્બન વાયુને મહત્વનો ભાગ ભજવ્યો છે. એશોઆરામ માટે માનવી એ બનાવેલા આ ઉપકરણોનો એ ઓઝોન સ્તરમાં કાણા પાડ્યા છે. તેની સામે પગલાં લેવામાં વિશ્વ પાછળ રહી સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણોથી ચામડીના કેન્સર,આંખોના મોતીયા,રોગ પ્રતિકારક શક્તિ,ધન્યતા ઉત્પાદનમાં ઘટાડો થાય છે. ીહુંપ્રાણીઓ પર વિપરીત અસર પેદા થાય છે. પ્રો. કઝરઝ એ નોંધ્યું છે કે વિવિધ ખાતરોમાં રહેલા નાઈટ્રોજન ઓક્સઈડ તથા સુપરસોનિક વિમાનો ઓઝોનનું સ્તર ઘટાડવામાં મહત્વનો ફાળો આપે છે. જોકે ત્યારબાદ વિવિધ રાષ્ટ્રોએ સીએફસી વાયુના ઉત્પાદન અને વપરાશ પર પ્રતિબંધ મૂકવાનું સ્વીકાર્યું.

## ડ્રોન ફૂટેજમાં આતંકીઓ જીવ બચાવીને ભાગતા દેખાયા

। જમ્મુ, તા.૧૬ ।

આજે સતત ચોથા દિવસે જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં સેના દ્વારા સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. અનંતનાગમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં ચાર જવાનો શહીદ થયા હતા. પહાડી વિસ્તારના જંગલોમાં છુપાયેલા આતંકવાદીઓને શોધવા માટે ચાલી રહેલા ઓપરેશનમાં ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ દરમિયાન ડ્રોનમાં એક ફૂટેજ કેદ થઈ હતી જેમાં આતંકીઓ પોતાનો જીવ બચાવવા ભાગતા જોવા મળી રહ્યા છે. ડ્રોન સર્વેલન્સના આધારે સુરક્ષા દળોએ આતંકીઓના છુપાયેલા સ્થાન પર મોર્ટાર શેલ છોડ્યા છે. આ સિવાય સુરક્ષા દળોએ વિસ્તારને સંપૂર્ણ રીતે ઘેરી લીધો છે. આતંકવાદીઓ પાસે ભાગવા માટે હવે કોઈ રસ્તો નથી. કાશ્મીરના એડીજીપી અનુસાર, અનંતનાગ પહાડી વિસ્તારમાં ૨-૩ આતંકીઓ ફસાયેલા છે અને તે બધાને ઠાર કરવા સેના દ્વારા સતત સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. સેનાને એક મોટી સફળતા મળી પણ હાથ લાગી છે જેમાં ઓપરેશન દરમિયાન સુરક્ષા દળોએ આતંકીઓના છુપાયેલા સ્થાન પર બોમ્બ ફેંકી તેને નષ્ટ કરી દીધા છે.

## કાર રસ્તાની બાજુમાં ઊભેલા ટ્રક સાથે ટકરાતાં ચારનાં મોત

। મથુરા, તા.૧૬ ।

આગરા-દિલ્હી હાઈવે પર શુક્રવારે મોડી રાત્રે મોટો અકસ્માત સર્જાયો હતો. જૈત પોલીસ સ્ટેશન વિસ્તારમાં તેજ રફતાર કાર બેકાબુ થઈ જતા ઢાબા પર જમવા જઈ રહેલા એક ટ્રક ડ્રાઈવરને ટક્કર મારી દીધી અને પછી રસ્તા કિનારે ઊભેલી એક અન્ય ટ્રકમાં ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં કાર સવાર ત્રણ યુવકો અને ટ્રક ડ્રાઈવરનું મોત થઈ ગયુ હતું. બે સાથીઓ ગંભીર રીતે ઘાયલ છે. ત્રણેય યુવકો અલીગઢના રહેવાસી છે. આ અકસ્માત ચૌધરી ઢાબા પાસે રાત્રે લગભગ ૨ વાગ્યે સર્જાયો હતો. અલીગઢથી કાર સવાર પાંચ મિત્રો કોકિલાવનમાં શનિદેવના દર્શન કરવા જઈ રહ્યા હતા. ઢાબા પાસે કાર બેકાબુ થઈ ગઈ હતી. બિહારના છપરા જિલ્લાના સોનોહ ગામના નિવાસી ટ્રક ડ્રાઈવર અજીત કુમાર જમાવા જઈ રહ્યો હતો. કારે પહેલા અજીત કુમારને ટક્કર મારી અને ત્યારબાદ ત્યાં ઊભેલી ટ્રકમાં પાછળથી ઘૂસાડી દીધી.

### ભારતનો બાંગ્લાદેશ સામે પરાજય

## વન-ડેમાં ૨૦૦ વિકેટ ઝડપનારો જાડેજા પહેલો લેફ્ટ આર્મ સ્પિનર

### વન ડેમાં ૨૦૦થી વધુ વિકેટ સાથે ૨૦૦૦થી વધુ રન બનાવવાનો કપિલ દેવની સાથે હવે રવિન્દ્રનો પણ રેકોર્ડ

। કોલંબો, તા.૧૬ ।

ભારતીય ટીમના ઓલ રાઉન્ડ ખેલાડી રવિન્દ્ર જાડેજાએ એશિયા કપ ૨૦૨૩માં બાંગ્લાદેશ સામેની મેચમાં પોતાના ૨૦૦ વનડે વિકેટ પુરી કરવામાં ઈતિહાસ રચ્યો છે. આ મેચમાં જાડેજાએ શમીમ હુસૈનની વિકેટ લઈને આ ઉપલબ્ધિ હાંસલ કરી હતી. હવે તે ભારત તરફથી વન-ડે ક્રિકેટમાં ૨૦૦ વિકેટ પૂરી કરનાર પહેલો ડાબોડી સ્પિન બોલર પણ બન્યો છે. આ ઉપરાંત જાડેજા અને કપિલ દેવ પછીનો બીજો એવો ભારતીય ખેલાડી છે કે જેણે વન ડેમાં ૨૦૦ અથવા તેનાથી વધારે વિકેટ સાથે ૨૦૦૦થી વધુ રન બનાવવાનો રેકોર્ડ કરી ઈતિહાસ રચ્યો છે. ભારત માટે વન ડેમાં




અત્યાર સુધી સ્પિન બોલર સૌથી વધારે વિકેટ લેવાનો રેકોર્ડ અનિલ કુંભલેના નામ પર છે જેણે પોતાના કરિયરમાં કુલ ૩૩૪ વિકેટ હાંસલ કરી હતી. તેના પછી બીજા નંબર પર ૨૬૫ વિકેટો સાથે હરભજન સિંહનું નામ નોંધાયેલું છે.જ્યારે ત્રીજા નંબર પર રવિન્દ્ર જાડેજા ૨૦૦ વિકેટ સાથે આવે છે. રવિન્દ્ર જાડેજા આ સિવાય પુર્વ ભારતીય કેપ્ટન કપિલ દેવ પછી બીજા ઓલરાઉન્ડર ખેલાડી બન્યો છે, જે વન ડેમાં ૨૦૦૦ થી વધારે રન બનાવવા સાથે ૨૦૦ વિકેટ પણ લીધી છે.

### નાના વેપારીઓની અવગણના નહી કરાય

# નવી ઈ-કોમર્સ નીતિમાં નાના વેપારીઓના હિત જળવાશે

### ઈ-કોમર્સ પોલિસીમાં ઈ-કોમર્સ કંપનીઓ અને તમામના હિતોની વાત છે અને તમામ લોકોના લાભનું ધ્યાન રખાશે

। નવી દિલ્હી, તા.૧૬ ।

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું છે કે, ઈ-કોમર્સ પોલિસીમાં કોરોના કાળમાં ગ્રાહકોનું ધ્યાન રાખનાર નાના તેમજ ઓફલાઈન વેપારીઓની અવગણના કરવામાં નહીં આવે. ગોયલે કહ્યું કે, સરકાર ટુંક સમયમાં ઈ-કોમર્સ પોલિસીની જાહેરાત કરી શકે છે. પોલિસીમાં તમામ કંપનીઓને લાભ થાય અને ઈ-કોમર્સ કંપનીઓ તેમજ નાના વેપારીઓ એકબીજાના પુરક બને તેવો પ્રયાસ કરાશે.

ગોયલે કહ્યું કે, છૂટક વેપાર અને એમએસએમઈની સુરક્ષા કરવી સરકારની સ્પષ્ટ નીતિમાં સામેલ છે અને વેપારીઓ અમારી પ્રાથમિકતા છે. તેમણે કહ્યું કે, કોરોના કાળમાં જ્યારે ઈ-કોમર્સ કંપનીઓ લોકો સુધી પ્રોડક્ટ પહોંચાડવામાં ફેલ થઈ હતી, ત્યારે નાના વેપારીઓએ પોતાની જીવ જોખમમા નાખી અને પોતાનું સ્વાસ્થ્ય દાવ લગાવી ગ્રાહકો સુધી સામાન પહોંચાડવાનું કામ કર્યું...

ગોયલે કહ્યું કે, આ નાના તેમજ ઓફલાઈન છુટક વેપારીઓનું મોટું યોગદાન છે. અમે ઈ-કોમર્સ પોલિસીમાં આ વેપારીઓને કોઈપણ પ્રકારનું નુકસાન નહીં થવા દઈએ. ઓફલાઈન વેપાર કરનારા નાના વેપારીઓ માટે સરકાર ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ઓએનડીસી) પ્લેટફોર્મ લઈને આવી છે. ગોયલે કહ્યું કે, જાહેર થનાર ઈ-કોમર્સ પોલિસીમાં તમામના હિતોની વાત છે અને તમામ લોકોના લાભનો ખ્યાલ રખાયો છે.

ઓફલાઈન છુટક વેપારીઓ છેલ્લા ઘણા વર્ષોથી ઈ-કોમર્સ કંપનીઓ દ્વારા મોટા ડિસ્કાઉન્ટ સાથે પ્રોડક્ટ વેચવાનો વિરોધ કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે, આમ કરવાથી તેમનું વેચાણ ઘટી ગયું છે. સૂત્રોના જણાવ્યા મુજબ નવી ઈ-કોમર્સ પોલિસીમાં ખર્ચથી ઓછી કિંમતે માલ વેચવાની મંજૂરી અપાશે નહીં. તમામ ઈ-કોમર્સ કંપનીઓએ સરકારમાં નોંધણી ફરજીયાત કરાવવી પડશે. ગ્રાહકો તેમની સામે ફરિયાદ કરી શકશે.

## મ.પ્ર.માં પુલ પરથી રીક્ષા ચાર લોકો સાથે નદીમાં તણાઈ ગઈ

। ભોપાલ, તા.૧૬ ।

મધ્યપ્રદેશમાં ભારે વરસાદ પડી રહ્યો છે, જેના કારણે નદીઓમાં પાણીનું જળસ્તર વધી ગયું છે... એટલું જ નહીં પાણીની ધમસમતું વહેણ બ્રિજ પરથી વહી રહ્યું છે, ત્યારે અહીં ઓટો ડ્રાઈવરની બેદરકારીનો મામલો સામે આવ્યો છે. શુક્રવારે અફનતી નદી પરનો પુલ પાર કરતી વખતે એક રીક્ષા ચાર લોકો સહિત નદીમાં તણાઈ ગઈ છે. ઘટનાની જાણ થતાં પોલીસ સ્થલ પર પહોંચી ગઈ છે. હાલ તરવૈયાઓ નદીના વહેણમાં તણાયેલા લોકોની શોધખોળ કરી રહ્યા છે. દરમિયાન વરસાદના કારણે બૈતુલના બોરદેહી પોલીસ સ્ટેશન વિસ્તારના નરેરા અને છિપન્યા ગામ વચ્ચે આવેલી મોરિયા નદીમાં પુર જેવી સ્થિતિ સર્જાઈ છે. નદીનું પાણી પુલની ઉપરથી વહી રહ્યું છે. આ દરમિયાન બ્રિજ પરથી ધસમસતુ પાણી વહી રહ્યું હતું, ત્યારે એક ઓટો ડ્રાઈવરે બેદકારીપૂર્વક બ્રિજ પાર કરવાનો પ્રયાસ કરતા રીક્ષા નદીમાં તણાઈ ગઈ છે. ઓટોમાં રિક્ષા ડ્રાઈવર સહિત ૪ લોકો સવાર હતા.



મુંબઈના કાર્ટર રોડ પર સ્વચ્છતા ડ્રાઈવ દરમિયાન અભિનેતા જેકી શ્રોફ અને મુકરજીએ દરિયાકાંઠે સફાઈ કરી હતી.

### ગ્રેટર નોઈડાની કન્સ્ટ્રક્શન સાઈટની દુર્ઘટના

## ગ્રેટર નોઈડામાં લિફ્ટ તૂટવાની ઘટનાનો મૃતાંક આઠ પર પહોંચ્યો

। નવી દિલ્હી, તા.૧૬ ।

ગઈકાલે આમ્રપાલી ડ્રીમ વેલી પ્રોજેક્ટમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર સવારે લિફ્ટ તૂટવાની ઘટનામાં ચાર લોકોના મોત થયા હતા, ત્યારે હવે વધુ ચાર વ્યક્તિની મોત થતા મૃત્યુઆંક વધીને ૮ થયો છે. આ સાથે જ મૃતકોના પરિવારજનોને વળતર આપવાની જાહેરાત કરવામાં આવી છે. ગઈકાલે દિલ્હીથી અડીને યુપીના ગ્રેટર નોઈડામાં આમ્રપાલી ડ્રીમ વૈલીમાં નિર્માણધીન બિલ્ડિંગમાં લિફ્ટ તૂટવાની ઘટના બની હતી જેમાં અત્યાર સુધીમાં ૮ લોકોના મોત થયા છે, ગઈકાલે લિફ્ટ તૂટી ત્યારે ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા જ્યારે કેટલાક શ્રમીકો ઘાયલ થયા હતા જેને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ ખસેડાયા હતા. આ દાખલ કરાયેલા શ્રમીકોમાં ચાર શ્રમીકોનું સારવાર દરમિયાન આજે મોત થયુ હતું જ્યારે હજુ પણ એકની હાલત ગંભીર છે. આ ઘટના બાદ કન્સ્ટ્રક્શન કરનાર કંપનીના જીએમ સહિત નવ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ લોકોમાં ગિરધારી લાલ કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડના જીએમ હરીશ શર્મા, રિષભ અરોરા, લવજીત, એનબીસીસી ગૌતમ બુદ્ધ નગરના જીએમ વિકાસ અને આદિત્ય, મિકેનિકલ ઈન્ચાર્જ રાહુલ, આમ્રપાલી ડ્રીમ વૈલી સાઈટ ઈન્ચાર્જ દેવેન્દ્ર શર્મા, લિફ્ટ સ્પેનટેક કંપનીના શૈલેન્દ્ર સુનીલના નામ સામેલ છે.

## પત્નીને અક્કલ નથી, પાગલ કહેવી, માનસિક શોષણ ન માની શકાય

। મુંબઈ, તા.૧૬ ।

બોમ્બે હાઈકોર્ટે શુક્રવારે પત્ની દ્વારા પતિ પર લગાવવામાં આવેલા માનસિક અને શારીરીક શોષણના આરોપોને નકારી કાઢ્યા હતા. બોમ્બે હાઈકોર્ટે કહ્યું કે, પતિ દ્વારા પત્નીને એવું કહેવું કે, 'તારામાં અક્કલ નથી, તુ પાલગ છે' તેને માનસિક શોષણ ન માની શકાય.

જસ્ટિસ નિતિન સામ્બ્રે અને શર્મિલા દેશમુખની બેન્ચે કહ્યું કે, કોઈ પણ રીતે એ કહેવું કે, તારામાં અક્કલ નથી, તુ પાગલ છે આને કોઈ પણ સ્થિતિમાં માનસિક શોષણ ન માની શકાય. આને ગાળની શ્રેણીમાં ન રાખી શકાય. પત્નીએ અદાલતને કહ્યું હતું કે, તેમનો પતિ તેમનું શારિરીક અને માનસિક શોષણ કરે છે. પત્નીએ કોર્ટને કહ્યું હતું કે, તેનો પતિ મોડી રાત્રે ઘરે પરત ફરે છે અને પછી તેનું અપમાન કરવાના ઈરાદાથી તેના પર ઉંચો અવાજ કરે છે. કોર્ટે કહ્યું કે પત્નીએ એવી પ્રમુખ ઘટનાઓનો ઉલ્લેખ નથી કર્યો જે આ પ્રકારનું વર્તન દર્શાવે છે અને જેના આધારે એવું કહી શકાય કે પતિ પત્નીનું શોષણ કરે છે. કોર્ટમાં છૂટાછેડાની માંગ કરી રહેલા આ દંપતીએ ૨૦૦૭માં લગ્ન કર્યા હતા પરંતુ લગ્ન બાદ તરત જ મતભેદોનો સામનો કરવો પડ્યો હતો. પતિએ આરોપ લગાવ્યો કે, તેમનું સંયુક્ત પરિવાર છે અને તેણે લગ્ન પહેલા જ જણાવી દીધુ હતું અને પત્નીને પહેલાથી જ બધુ ખબર હતું કે, તેઓ સંયુક્ત પરિવારમાં રહેશે. પરંતુ લગ્ન બાદ તેણે આ બાબતે ફરિયાદ કરવાનું શરૂ કરી દીધું. તે અલગ રહેવા માંગે છે.

## વિજય નેહરા-મનીષ ભારદ્વાજ ડેપ્યુટેશન પર દિલ્હી જશે

। નવી દિલ્હી, તા.૧૬ ।

ગુજરાતમાં આઈએએસ અધિકારીઓને બદલી તેમજ બઢતીનો સિલસિલો ચાલુ છે તેમજ કેન્દ્ર સરકારમાં હાલ ગુજરાત કેડરના અનેક આઈએએસ અધિકારીઓ ડેપ્યુટેશનમાં છે ત્યારે વધુ બે આઈએએસ અધિકારીઓને દિલ્હી ડેપ્યુટેશન પર મોકલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેન્દ્રમાં જોઈન્ટ સેક્રેટરી સ્તરે ફેરબદલ કરતા ગુજરાતના બે આઈએએસ અધિકારીઓ વિજય નેહરા અને મનીષ ભારદ્વાજ દિલ્હી ડેપ્યુટેશન પર જશે.

**વિશેષ**

### ગણપતિ બાપાની માટીની મૂર્તિ બનાવી પર્યાવરણ રક્ષણનો સંદેશ આપતા કારીગરો

# વડોદરામાં સાત દિવસીય મેળામાં ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામીણ ટેકનોલોજી સંસ્થાનમાંથી તાલીમ પામેલા ૭૩ કારીગરો થયા સહભાગી







જનજનનું દુઃખ હરવા માટે આવી રહેલા ગણપતિ બાપાની મૂર્તિ પ્રકૃત્તિહિતેષી બને એ માટે રાજ્ય સરકારના માટીકામ કલાકારી અને ગ્રામીણ ટેકનોલોજી સંસ્થાન દ્વારા યોજાયેલા પ્રદર્શનમાં નાગરિકોના પ્રતિભાવથી તેમાં સહભાગી થયેલા ૭૩ જેટલા કારીગરોના ચહેરા ઉપર આનંદની લાગણી જોવા મળે છે.

આ મેળામાં ભાગ લઈ રહેલા ૩૦ વર્ષીય જાધવ અંજલિ દગડુને સાઉદી અરેબિયાના ઓમાનથી પહેલો આંતરરાષ્ટ્રીય ઓર્ડર મળવાથી તેના ચહેરા ઉપર અનેરી ખુશી જોવા મળે છે. દર વર્ષની જેમ તેણે લગભગ ૩૦૦ ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓ બનાવી અને તેને વડોદરા, ભરૂચ, સુરત, ગાંધીનગર, આણંદમાં ગ્રાહકો સુધી પહોંચાડી છે. ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામીણ ટેકનોલોજી સંસ્થાનમાંથી તાલીમ લીધા પછી, તેણીએ ગણેશની મૂર્તિઓ બનાવવાનું શરૂ કર્યું અને સંસ્થા દ્વારા આયોજિત મેળાઓમાં તેનું વેચાણ કર્યું તો પોતાની કલાને પ્લેટફોર્મ મળવાની સાથે આર્થિક ફાયદો પણ થયો છે.

અંજલિ દગડુએ એમએસયુ બરોડામાંથી મેનેજમેન્ટમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું છે અને તેનો ઉપયોગ તેના મૂર્તિ બનાવવાના વ્યવસાયમાં કરી રહી છે. ૨૦૧૬થી શરૂ કરીને, તેણીએ પર્યાવરણહિતેષી ગણેશજીની મૂર્તિઓ બનાવી મેળામાં તેનું વેચાણ કરે છે. અહીં તેમણે સારૂ માર્કેટ મળી રહે છે.

"મેં ૨૦૧૬ માં માટીની મૂર્તિ બનાવવાની એક મહિનાની તાલીમ લીધી અને તે જ વર્ષથી મૂર્તિઓ બનાવવાનું શરૂ કર્યું. ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામીણ ટેક્નોલોજી સંસ્થાન તરફથી મળેલી તાલીમ મને માટીની મૂર્તિ બનાવવા માટે જરૂરી ઝીણી વિગતો વિશે કળા અને જ્ઞાન શીખવામાં મદદ કરી છે. મફત સ્ટોલ અને પ્રચારમાં સરકાર તરફથી મળતો ટેકો મને એક પ્લેટફોર્મ પરથી મૂર્તિઓ વેચવામાં મદદ કરે છે. હું દર વર્ષે સરેરાશ ૩૦૦ મૂર્તિઓ બનાવું છું અને આ વર્ષે પણ મેં લક્ષ્ય જાળવી રાખ્યું છે. સરકાર કાચા માલમાં સબસિડી પણ આપે છે જે અમારા માટે આખું વર્ષ અમારું કામ ચાલુ રાખવાનું સરળ બનાવે છે. તેમ તેઓ કહે છે.

આવી જ વાત ૩૬ વર્ષીય ગૃહિણી પટેલ શ્વેતા સુરેશભાઈની છે ! તેઓ છેલ્લા ૧૨ વર્ષથી હસ્તકલાનો વ્યવસાય કરે છે. ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામીણ ટેકનોલોજી સંસ્થાન તરફથી મળેલી તાલીમે તેણીને મૂર્તિઓ બનાવવામાં મદદ કરી જે તે અગાઉ ઓર્ડર પર મેળવતી હતી. તે દર વર્ષે યુએસ અને લંડન જેવા દેશોમાં બલ્ક ઓર્ડર પહોંચાડે છે અને સ્થાનિક સ્તરે માટીની મૂર્તિઓનું વેચાણ પણ કરે છે. માસ્ટર ટ્રેનિંગ પછી તે આ સ્કીમ હેઠળ આવનારા કલાકારોને ટ્રેનિંગ પણ આપે છે અને પોતાના પગ પર ઊભા રહેવામાં મદદ કરે છે. બંને કલાકારો વડોદરાના સયાજીગંજ ખાતે પારસી અગિયારી મેદાનમાં આયોજિત પાંચ દિવસીય મેળામાં તેમના હાથથી બનાવેલી માટીની મૂર્તિઓ પ્રદર્શિત કરનાર ૭૩ કારીગરોના જૂથનો ભાગ છે. તમામ કલાકારોએ ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામીણ ટેકનોલોજી સંસ્થા પાસેથી તાલીમ લીધી હતી અને તેમની સુંદર માટીના ગણેશ આર્ટવર્ક દ્વારા ઈકો ફ્રેન્ડલી ગણેશોત્સવની ઉજવણીને પ્રોત્સાહન આપે છે.

ગુજરાત સરકાર હેઠળની ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામીણ ટેકનોલોજી સંસ્થાન વડોદરા શહેર અને જિલ્લામાં માટીની મૂર્તિ બનાવનારાઓને સ્વતંત્ર બનવામાં મદદ કરી રહી છે. 'સ્વચ્છ દેશ, પ્રસન્ન ગણેશ' ના સૂત્ર હેઠળ વિભાગ ૧૩ થી શરૂ થયેલા અને ૧૯ સપ્ટેમ્બર સુધી ચાલનારા આ મેળા દ્વારા પર્યાવરણને અનુકૂળ ગણેશોત્સવની ઉજવણીનો સંદેશ ફેલાવી રહ્યું છે. લગભગ ૭૦ ટકા કલાકારો સ્ત્રીઓ છે અને વિવિધ કદ અને થીમની લગભગ ૧૨૫૦૦ માટીની મૂર્તિઓ પ્રદર્શનમાં છે. કલાકારોને તેમની આર્ટવર્ક પ્રદર્શિત કરવા માટે મફત સ્ટોલ મળે છે. સંસ્થા દ્વારા આ યોજના હેઠળ દરરોજ ૧૦૦૦ કલાકારોને ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામીણ ટેકનોલોજી સંસ્થાનના નિયામક, સચિવ અને અન્ય અધિકારીઓનું સતત માર્ગદર્શન મળે છે.

## તંત્રી લેખ...

# મીડિયા ટ્રાયલ પર વાંધો

સુપ્રીમ કોર્ટે મીડિયા ટ્રાયલ મુદ્દે ફરી એક વખત પોતાની નારાજગી વ્યક્ત કરી છે. શીર્ષ કોર્ટે સરકારને ત્રણ મહિનાની અંદર મીડિયા બ્રીફિંગ પર ગાઈડલાઈન બનાવવાનું કહ્યું છે. તેની સાથે જ તમામ રાજ્યોના ડીજીપીને પણ એક મહિનાની અંદર આ મામલે ગૃહ મંત્રાલયને સૂચન આપવાના નિર્દેશ આપ્યા છે. સુપ્રીમ કોર્ટ ૨૦૧૭ના એક કેસની સુનાવણી કરી રહી હતી. સુનાવણી દરમ્યાન સીજેઆઈ ડી.વાય. ચંદ્રચૂડે કહ્યું કે મીડિયા ટ્રાયલથી ન્યાય પ્રભાવિત થઈ રહ્યો છે. તેથી પોલીસમાં સંવેદનશીલતા લાવવાની જરૂર છે. કોઈપણ કેસમાં પોલીસે કેટલા ખુલાસા કરવા જોઈએ, તે નક્કી કરવાની જરૂર છે. તેમાં પીડિતો અને આરોપીનાં હિત સામેલ છે. સીજેઆઈએ કહ્યું કે કોઈપણ કેસમાં તપાસ દરમ્યાન મહત્ત્વના પુરાવાનો ખુલાસો થઈ જતાં તપાસ પ્રભાવિત થઈ શકે છે. આપણે આરોપીના અધિકારનું પણ ધ્યાન રાખવાનું છે, કારણ કે તે પણ પોલીસની નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસનો હક્કદાર છે. એવામાં જો આરોપીની મીડિયા ટ્રાયલ થાય છે તો તપાસ નિષ્પક્ષ નથી રહેતી. સુપ્રીમ કોર્ટે ભાર મૂક્યો કે મીડિયા ટ્રાયલથી કોઈ પીડિત કે ફરિયાદીની ગોપનીયતાનું ઉલ્લંઘન થાય છે. ક્યારેક તો કેસમાં સગીરો પણ હોય છે. એવામાં પીડિતની નિજતાને પ્રભાવિત ન કરી શકાય. સુપ્રીમ કોર્ટે ૨૦૧૦માં પણ મીડિયા ટ્રાયલ પર વાંધો ઉઠાવતાં તેનાં જોખમો પ્રત્યે સચેત કર્યા હતા. બુનિયાદી સ્તર પર બોલવા અને અભિવ્યક્તિનો મૌલિક અધિકાર મીડિયા દ્વારા વિચારો, સમાચારોને ચિત્રિત કરવા અને પ્રસારિત કરવાના અધિકાર બંનેના સંદર્ભમાં સામેલ છે, પરંતુ આપણે 'મીડિયા ટ્રાયલ'ની અનુમતિ ન આપવી જોઈએ. એક તરફ લોકોને માહિતી મેળવવાનો અધિકાર છે, જ્યારે બીજી તરફ આરોપીની નિજતાના અધિકારનું પણ સન્માન કરવું જરૂરી છે. બંધારણીય દૃષ્ટિએ વાત કરીએ તો આપણા દેશમાં પ્રેસ તથા મીડિયાને કાર્યપાલિકા, વિધાયિકા અને ન્યાયપાલિકા બાદ બંધારણનો ચોથો સ્તંભ માનવામાં આવે છે. શીના બોહરા હત્યાકાંડ, સુનંદા પુષ્કર અપમૃત્યુ, સુશાંત સિંહ અપમૃત્યુ, સંજય દત્તના ગેરકાયદે હથિયાર કાંડ, દિલ્હીના દરિંદા કેસ, નિર્ભયા કેસ, પ્રિયદર્શની મટ્ટુ કેસ, આરુષિ હેમરાજ હત્યાકાંડ, આર્યન ખાન ડ્રગ્સ કેસ, શ્રીદેવીના મોતનો કેસ, જેસિકા લાલા હત્યાકાંડ વગેરે એવા ચર્ચિત કેસ છે, જેમાં મીડિયા ટ્રાયલ જોવા મળ્યા છે. આપણે ભૂલવું ન જોઈએ કે જવાબદાર નાગરિકો રૂપે મીડિયાનું પણ કર્તવ્ય છે કે તે મીડિયા પરીક્ષણ, અભિવ્યક્તિની સ્વતંત્રતા, નિષ્પક્ષ પરીક્ષણનો અધિકાર સમજે. ઓગસ્ટ ૨૦૦૬માં આવેલ ન્યાયમૂર્તિ એમ. જગન્નાથ રાવની અધ્યક્ષતાવાળા કાયદા પંચના ૨૦૦મા રિપોર્ટમાં ભલામણો કરવામાં આવી હતી કે એવી કોઈપણ ચીજના પ્રકાશન પર રોક લગાવવી જોઈએ, જે આરોપિત થતાં પ્રતિષ્ઠાથી પ્રતિકૂળ હોય. એક અપરાધિક કેસનું પ્રારંભિક બિંદુ ચાર્જશીટ દાખલ કરવાથી નહીં, પરંતુ આરોપીની ધરપકડ સમયથી હોવું જોઈએ. પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા મીડિયા દ્વારા નિર્દેશિત છે કે મીડિયા પીડિત, આરોપી, સાક્ષીઓને સમાંતર અનુચિત પ્રચાર ન કરે અને એવી કોઈપણ માહિતીનો ખુલાસો ન કરે જે ગોપનીય હોય, જેનાથી તપાસની પ્રક્રિયામાં અડચણ કે પૂર્વગ્રહ હોય.

# ગણેશ વિસર્જન એ મારી સમજ બહારની વાત છે, ગણેશ એટલે વિવેક, તો શું વિવેકનું વિસર્જન? વિવેક કોઈ ૮થી ૧૦ દિવસનો પ્રયોગ નથી



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

સમય સમયનું કામ કરી રહ્યો છે, ધીરે ધીરે દરિયામાં ભરતી ઓટ આવે એ રીતે હળવા સબળા દુઃખ ને શોકના મોજા આવે છે, અને જાય છે! પણ આ જ તો દરેકનાં જીવનની સચ્ચાઈ છે. શ્રાવણ પૂરો થયો અને હવે ગણેશ પૂજા ના દિવસો શરૂ થશે. ભારતીય સમાજમાં લોકો અન્યની સરખામણીએ ઉત્સવપ્રિય વધુ છે! અને એટલે જ શહેરમાં ઠેકઠેકાણે ગણેશનું સ્થાપન કરવામાં આવે છે. પરંતુ હવે આપણને આનાથી વધુ પ્રદુષણ પોષાય એમ નથી, એટલે દરેકે દરેક જણાં એ વિસર્જન કરવાથી પાણી પ્રદુષિત નથી થતું ને એ ખાસ યાદ રાખવુ! મૂળ મહારાષ્ટ્રિયન તહેવાર હોવા છતાં ગુજરાત ભરમાં ગણેશની સ્થાપના થાય છે! એટલાં ગણપતિ દાદા સૌનાં પ્યારાં છે.

ભગવાન ગણેશ એ શંકર અને પાર્વતીનાં પુત્ર છે તેની સાથે તેના જન્મનો ઈતિહાસ પણ જોડાયેલા છે, બાળ સહજ ગણેશ થી નાનપણમાં જે ભૂલ થઈ હતી, તેને કારણે તેમણે પોતાનું મસ્તક ગુમાવ્યું, અને ભગવાન શંકરે પાછળથી તેના ધડ પર હાથીનું મસ્તક રાખતા ગણપતિ નો આવો દેખાવ, કે આ સ્વરૂપ આપણને મળ્યું. આ વાત હિંદુ સનાતન ધર્મમાં સૌ કોઈ જાણે છે.પરંતુ આપણે વાત આજે એ કરવાની છે, કે ગણેશજીને વિઘ્નહર્તા શું કામ કહેવામાં આવે છે??. શ્રી ગણેશાય નમઃ નો નિત્ય પાઠ કરનારા માટે, શાસ્ત્રમાં કહ્યું છે કે આ શ્લોકનું પાઠ કરનાર ના ઘરમાં વિવેક નું સામ્રાજ્ય રહેશે, અને અષ્ટ સિદ્ધિ નવ નિધિ એટલે, કે ગણેશની પત્નીઓ રિદ્ધિ-સિદ્ધિ નો કાયમ તેના ઘરમાં વાસ થશે. ગણેશ એ વિવેક ના દેવ છે. તેનું પૂજન-અર્ચન કરવાથી વ્યક્તિમાં વિવેક આવે છે, અને વિવેક ને કારણે જ તેની સમજ પરિપક્વ થાય છે, અને સારા નરસાનો ભેદ પારખવાની એક દ્રષ્ટિ મળે છે, જેને આપણે જાગૃતિ કહી. વ્યક્તિ પોતે પોતાના નીજી વર્તુળ થી શરૂઆત કરીએ, તો વાણી વર્તન અને વ્યવહારમાં વિવેક બુદ્ધિ થી જીવે તો, લગભગ મોટાભાગના વિઘ્નો અટકી જાય છે, અને નિયતિ અનુસાર જો કોઈ વિઘ્ન લખાયું હોય, તો



એ વિઘ્ન સમયે ધીરજ રાખી અને જીવે છે. બુદ્ધિમા વિવેક હશે તો જ આગળની યાત્રા નિર્વિઘ્ન થાય છે, એ વાત પણ એટલી જ સત્ય છે. ટૂંકમાં કહીએ તો પરિસ્થિતિને સ્વીકારી લેવાની, સહજતા ગણેશ ના નિત્ય સ્મરણ થી આવે છે.

ભાદરવા સુદ ચોથને દિવસે મનાવવામાં આવતી ગણેશ ચતુર્થીને દિવસે ગણેશ સ્થાપન કરવામાં આવે છે, અને પછી અનંત ચૌદશ ને દિવસે તેનું વિસર્જન કરવામાં આવે છે. લોકો પોતાની શ્રદ્ધા અને શક્તિ મુજબ ૧, ૩, ૫, ૭, ૯, એ રીતે ગણેશની સ્થાપના કરતા હોય છે. પરંતુ ગણેશ વિસર્જન એ મારી સમજ બહારની વાત છે, વિવેક કોઈ ૮થી ૧૦ દિવસનો પ્રયોગ નથી. વિવેક જિંદગીભર જ્યારે તમારી સાથે ચાલે, ત્યારે જ તમે જીવનને સરળ અને મધુર બનાવી શકો, એ સત્ય સમજવુ ખુબ જ જરુરી છે. પરંતુ માતાજીની જેમ નવ દિવસ લોકોએ સ્થાપના કરી, અને દશેરાને દિવસે તેનું વિસર્જન કરવામાં આવે છે, એ જ રીતે પૂજા-પાઠ અર્ચા એ બધું મોટે પાયે થતું હોય, તો એ દ્રષ્ટિએ તેનું વિસર્જન કરી શકાય. પરંતુ અંતરમાંથી વિવેક ની વિદાય એ જીવનુ પતન છે, એટલું સમજવું. આપણે બધા જ સંસારી છીએ, અને સંસારિક વ્યવહારોમાં વિવેક બહુ જ જરૂરી છે. કેમ બોલવું! કેમ બેસવું! કેમ ઉઠવું! કેમ વાતચીત કરવી! શું ખાવું! શું ના ખાવું! શું પહેરવું! શું ના પહેરવું! આ બધી જ ક્રિયાઓમાં જો વિવેક જોડાય, તો એ જીવન ખૂબ જ સુંદર દીપી ઉઠે છે. વ્યવહારને મધુર બનાવવા હોય, તો વિવેક હોવો બહુ જ જરૂરી છે, અને વિવેક હોય તો મોટા મોટા વિઘ્નો એટલે કે સમસ્યાઓ હલ થતી દેખાય છે. જીવન છે ત્યાં સમસ્યા છે, અને કોઈ બે વ્યક્તિના વ્યવહાર વચ્ચે સૌથી વધુ આ સત્ય પુરવાર થાય છે. પરિવારમાં અંદરો અંદર રખાતી અપેક્ષા અને થતી ઉપેક્ષા, કે આગ્રહ નિગ્રહ નું કારણ, આ વિવેક અને અવિવેક છે. કોઈ એક વ્યક્તિને સમજાવું જ્યારે કઠિન બની જાય છે, ત્યારે સમાજને સમજાવવું એ કોઈ સહેલી વાત નથી. પરંતુ આપણી બુદ્ધિમાં જો વિવેક રૂપી ગણેશ નું પ્રસ્થાપન કરીએ, તો શરૂઆતમાં પારિવારિક સંબંધોમાં કડવાહટ મટશે, અને આગળ જતા આ વર્તુળ વધતું વધતું જશે, એ વાત સો ટકા સાચી છે. સદગુરુ કૃપા એ જીવનના આ બધા રહસ્યો ધીરે ધીરે ખુલતા જાય છે, અને સમજ માં પણ આવતા જાય છે. ત્યારે ઘણીવાર એવું થાય કે આટલી નાની અમથી વાત જીવ જો પહેલેથી જ સમજી ગયો હોત, તો જીવનમાં ઘણા મહત્વના કાર્ય તેણે કર્યા હોત, અને આજે દેખાતું આ જીવન કદાચ આનાથી વધુ સુંદર પણ હોત. વાત માત્ર દ્રષ્ટિની છે, કે વિવેક ને કારણે દ્રષ્ટિમાં રહેલી મમતા એ સમતામાં ફેરવાઈ જાય છે, અને જીવની મમતા અચાનક ઘટતી દેખાય છે. કાર્યશક્તિ વધતા કાર્ય પણ સુંદર થાય છે, અને લોક સાથેના તેના સંબંધો મજબૂત બને છે. કોઈનું કંઈ સારું કરવાની ખેવના અંતરમાં જાગે છે. અને આ જ રીતે જીવ વસુધૈવ કુટુંબની ભાવના જગાડી, આત્મ દીપ પ્રજ્વલિત કરી લોકમંગલ અને લોક કલ્યાણના કાર્યો માટે નીકળી પડે છે.જીવનમાં અહીં-તહીં ખૂબ જ ભટકી લીધેલા જીવને, નિશ્ચિત દિશા મળતા યાત્રા સરળ બને છે, અને ધ્યેય સુધી પહોંચવામાં આ ગણેશ રૂપે વિવેક મદદ કરે છે. વિવેકબુદ્ધિ આગળ જતાં મેધા, પ્રભા, અને સ્થિતપ્રજ્ઞ સુધીની યાત્રા કરે છે. જ્યાં સંસારનો કોઈપણ વ્યક્તિ કે પ્રકૃતિ નો કણ કણ તેને પરમ પરમાત્મા સ્વરૂપ દેખાય છે, એટલે પરમ પ્રેમ સ્વરૂપે સાક્ષાત હરિ તેના અંતરમાં વસે છે. ટૂંકમાં કહીએ તો ગણેશ રૂપી વિવેકથી જીવન મંગલમય બને છે, અને અન્યને આપણા જીવનમાંથી પ્રેરણા મળે, એવું જીવી શકાય છે. ઘણીવાર એવું લાગે કે, આ "હા અને ના" બંને વચ્ચે જ જીવન પૂરું થઈ જાય છે, જ્યારે "હા" કહેતા આવડી જાય, ત્યારે જીવનની શરૂઆત થાય છે, અને આ હા કહેતા આપણને ગણેશ રૂપી વિવેક શીખવાડે છે. તો મિત્રો આ વખતે તો આ કોરોના કાળ ને, કારણે મોટા મોટા ગણેશ ઉત્સવ પર સરકારે પ્રતિબંધ લગાવ્યો છે. એટલે ગણેશની પ્રતિમાઓનું સ્થાપન કરી, અને નિત્ય તેની પૂજા થઈ શકે તેમ નથી. પરંતુ અંતરમાં જે રીતે આત્મલિંગ નું સ્થાપન કરીને, આપણે શ્રાવણ ની ઉજવણી કરી, તે જ રીતે અંતરમાં આ ગણેશ રૂપી વિવેકની સ્થાપના કરીને, આપણે સૌ આ ગણેશ ઉત્સવ મનાવીએ. જીવનમાં વિવેક નું મહત્વ સમજીએ, તેમજ તેનાથી થતા ફાયદા આપણે આ જીવન રહેતા માણી, અને જીવનને સુંદર બનાવીએ. ઘરની હોય, સમાજની હોય, દેશની હોય, કે પછી વિશ્વની હોય, એ બધી સમસ્યાનું એક માત્ર નિવારણ આ વિવેક છે. તો તે સ્વરૂપે આપણે સૌ તેની સ્થાપના કરી, અને આપણા જીવનની સમસ્યાઓ થી મુક્ત કરી, હર્યુભર્યું બનાવવા નો સંકલ્પ લઈએ.

"ગણપતિ બાપા મોરિયા'''' અગલે બરસ તૂ જલ્દી આ" નો નારો આપણે નથી લગાવવાનો, એની વિદાય જ આપણે નથી કરવાની. અંતરમાં ગણેશ તત્વને સ્થાપિત કરી, અને સૌ કોઈ પોતાના જીવનને હર્યું ભર્યું અને સંવેદનશીલ બનાવી વિઘ્નો ને હરતાં શીખી જાય, અને આ વિશ્વ માથી અનીતિ, અદેખાઈ, ઈર્ષા, નિંદા, લોભ દંભ, અહંકાર, વગેરે ગુણો સમાપ્ત થાય, એવી મંગલ પ્રાર્થના તેમજ, સૌને આ ગણેશોત્સવની ખૂબ ખૂબ વધાઈ, જીવનમાં ગણેશ તત્વની સાચી સમાજ સદગુરુ બધાને આપી રહે! જય હિન્દ.

# વિશ્વમાં ભારતનું માન વધારતા ભારતવંશી

દુનિયાના ખૂણેખૂણામાં ભારતવંશી કે ભારતીય મૂળના લોકો અને પ્રવાસી ભારતીયોની રાજકીય, આર્થિક અને કારોબારી ક્ષેત્રોમાં ઝડપથી વધતી સંખ્યા પણ ભારતને ૨૦૪૭ સુધી વિકસિત દેશ બનાવવાના સપનાને સાકાર કરવાના દૃષ્ટિકોણથી મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. હાલમાં ભારતવંશી થરમન ષણમુગરત્નમ સિંગાપોરના રાષ્ટ્રપતિ બન્યા છે. થરમન વૈશ્વિક મંચો પર સિંગાપોર અને ભારતના હિતોને સ્પષ્ટતાથી રજૂ કરવા માટે જાણીતા છે. થરમન ઉપરાંત બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક, આયરલેન્ડના વડાપ્રધાન લિયો વરાડકર, પોર્ટુગલના વડાપ્રધાન એન્ટોનિયો કોસ્ટા, અમેરિકાનાં ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ, ગુયાનાના રાષ્ટ્રપતિ મોહંમદ ઈરફાન અલી, મોરેશિયસના વડાપ્રધાન પ્રવિંદ જગન્નાથ અને રાષ્ટ્રપતિ પૃથ્વીરાજ સિંહ રૂપન, સૂરીનામના રાષ્ટ્રપતિ ચંદ્રિકાપ્રસાદ સંતોખી વગેરે ભારતવંશી રાજનેતા પોતપોતાના દેશોને આગળ વધારી રહ્યા છે. સાથે જ તે વિશ્વ મંચ પર ભારતના હિતોના હિમાયતી છે અને હરસંભવ રીતે ભારતના વિકાસમાં પોતાનું મહત્ત્વનું યોગદાન આપતાં દેખાય છે. આપણે જી-૨૦ શિખર સંમેલનમાં આવેલા વિશ્વ બેંકના અધ્યક્ષ અજય બંગા અને આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષનાં ડેપ્યુટી ડાયરેક્ટર ગીતા ગોપીનાથની પણ અવગણના ન કરી શકાય. બંગાએ થોડા મહિના પહેલાં જ વિશ્વ બેંકના અધ્યક્ષની જવાદારી સંભાળી છે. તેઓ આ સંસ્થાની અધ્યક્ષતા કરનારા પહેલા ભારતવંશી છે. ભારતમાં જ ભણવાને કારણે તેઓ ખુદને 'મેક ઈન ઈન્ડિયા'નું પ્રતીક ગણાવે છે. વિભિન્ન દેશોમાં રાજનીતિની ઊંચાઈઓ પર પહોંચવાની સાથે સાથે ભારતવંશી આઈટી, કમ્પ્યૂટર, મેનેજમેન્ટ, બેંકિંગ, નાણાં વગેરે ક્ષેત્રોમાં પણ બહુ આગળ છે. ઉલ્લેખનીય છે કે માઈક્રોસોફ્ટના સીઈઓ સત્યા નડેલા, ગૂગલના સુંદર પિચાઈ, નોવાર્ટિસના વસંત નરસિંહન, એડોબના શાંતનુ નારાયણ, આઈબીએમના અરવિંદ કૃષ્ણા, સ્ટારબક્સના લ-મણ નરસિંહન, વર્ટેક્સ ફાર્માસ્યૂટિકલ્સની રેશમા કેવલરમાની, માઈક્રોન ટેક્નોલોજીના સંજય મેહરોત્રા, કેન્ડેસ ડિઝાઈન સિસ્ટમના અનિરુદ્ઘ દેવગન, પાલો અલ્ટો નેટવર્કના નિકેશ અરોરા, વીએમવેરના રંગરાજન રઘુરામ, ઈમર્સન ઈલેક્ટ્રીક કંપનીના સુરેન્દ્રલાલ કરસનભાઈ, માઈક્રોચિપ ટેક્નોલોજીના ગણેશ મૂર્તિ વગેરે પોતાની પ્રતિભા અને કૌશલથી કારોબાર અને ટેક્નોલોજી ક્ષેત્રે દુનિયાની આગેવાની કરી રહ્યા છે. એમાં કોઈ બેમત નહીં કે ભારતવંશીઓ અને પ્રવાસી ભારતીયો માટે વિદેશની નવી સંસ્કૃતિમાં ઢળીને એવી અદ્ભૂત સફળતા હાંસલ કરવી આસાન નથી હોતું. ભારતવંશીઓના જીવનને આકાર આપવા, તેમને ઊંચા પદો પર પહોંચાડવા, કાર્યની રણનીતિ બનાવવા તથા નેતૃત્વની ભૂમિકા સાથે ન્યાય કરવામાં તેમને મૂળ રૂપે મળેલા ભારતીય સંસ્કાર અને મૂલ્ય મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. જોકે ચીની પ્રવાસી પણ દુનિયાના ખૂણેખૂણામાં ફેલાયેલા છે, પરંતુ તેઓ ભારતીય પ્રવાસીઓની જેમ ટોચની વૈશ્વિક સંસ્થાઓ, રાજનીતિ અને ઉદ્યોગ-કારોબારમાં એવી પ્રભાવી ભૂમિકા નથી ધરાવતા. દુનિયામાં પ્રવાસી ભારતીયોનો સૌથી મોટો ડાયસ્પોરા છે, જેની સંખ્યા લગભગ ૩.૨ કરોડ છે. વિદેશમાં રહેતા ભારતીયોમાં ભારતવંશી (પર્સન ઓફ ઈન્ડિયન ઓરિજીન), નોન રેસિડેન્ટ ઈન્ડિયન (એનઆરઆઈ) અને ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા (ઓસીઆઈ) મુખ્ય રૂપે સામેલ છે. ભારતીય વિદેશ મંત્રાલયના રિપોર્ટ અનુસાર દુનિયામાં એનઆરઆઈની સંખ્યા લગભગ ૧.૩૪ કરોડ છે.

# રણુજાના રાજા હિંદવા પીર, ભાદરવા સુદ એકમથી નોમ સુધી રામદેવપીરના નોરતાંની ઉજવણી થશે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા

આજકાલ ધર્મ અને ધર્મ ગુરૂ એનકેન પ્રકારના શબ્દો ઉચ્ચારી વેરઝેરની હવા ફેલાવી રહયા છે ત્યારે આજે આપણે હિંદુ મુસ્લિમમાં આસ્થા શ્રધ્ધા પૂર્વક પૂજાતા રણુંજાના રાજા હિંદવા પીરના નોરતાં શરૂ થયાં છે તો તે વિશે જાણવા પ્રયત્ન કરીએ. રાજસ્થાનની મરુભૂમિ પોખરણ થી દસ કિલોમીટર દૂર આવેલ રામ દેવરા, રણુજાના રાજા રામદેવપીર નું પ્રસિદ્ધ યાત્રાધામ છે.અહીં રામ દેવપીરની સમાધિ છે. રાજસ્થાન, સમગ્ર ભારત અને વિદેશોમાં પણ રામદેવપીરને કૃષ્ણ, રણછોડરાય, નકલંકજી કે કલ્કિ અવતાર માન નાર અનેક ભક્તો છે. આજે પણ લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ- ભક્તો તેમનાં મંદિરોમાં દર્શનાર્થે યાત્રાપ્રવાસ કરે છે. રામદેવપીરનું વ્રત-નોરતાંરાખેછે.નિજિયાધર્મનાસ્થાપકરામદેવપીરતેમનાશૌર્ય, પરાક્રમ તથા પરચાઓથી ભક્તોના હૃદયમાં નિવાસ કરે છે. ચૌદમી સદીમાં રામદેવપીર તેઓ રણુજાની ગાદીના રાજા પણ કહેવાતા હતા. રાજા અજમલજી તન્વર અંગપાલ તોમર દિલ્હીના વંશજ હતા. તેમના લગ્ન જેસલ મેરના રાજાની પુત્રી રાણી મીનળ દેવી સાથે થયાં હતાં.તેમને સગુણા તથા લાસા નામની બે પુત્રીઓ હતી. રાજાને ત્યાં પુત્રનું પારણું બંધાયું નહોતું. રાજા અજમલજી પ્રજાની હાલચાલ પૂછવા તેમના પ્રદેશનું ભ્રમણ કરતા હતા. એક સમયે ચોમાસાની ઋતુમાં રાજા એક ખેતરમાં જઈ ચડ્યા.રાજાને જોઈ ખેડૂતોએ વાવણી કરવાનું બંધ કર્યુ ખેડૂતો રાજાથી મુખ ફેરવી ઘેર પાછા ચાલ્યા ગયા. રાજા અજમલજીને આશ્ર્ચર્ય થયું. આમ કેમ ? ખેડૂતો પાસેથી વિગત જાણી.તેઓ વાંઝિયા હોવા થી અર્થાત્ પોતાને ત્યાં પુત્ર ન હોવાથી તેમનું મોઢું જોવાથી ખેતર માં બીજ ઊગશે નહીં અને તેમનો પાક નિષ્ફળ જશે ! ખેડૂતોના આ વાંઝિયાપણ ના મહેણાથી રાજા અજમલજીને આઘાત લાગ્યો. આ મેણું ભાંગવા તેમણે દ્વારકા ધીશનું શરણું લીધું. દ્વારકા પહોંચી કૃષ્ણભક્તિમાં લીન થયા. દ્વારકાધીશના મંદિરમાં તેઓ રોજ કૃષ્ણની મૂર્તિ આગળ લાડુનો ભોગ ધરાવતા હતા. એક દિવસ તેમની ધીરજ ખૂટી. તેમણે લાડુનો પ્રસાદ કૃષ્ણની મૂર્તિના મોં પર માર્યો.. આ દશ્ય જોઈ ત્યાંના પૂજારીઓએ માન્યું કે રાજા અવશ્ય ગાંડા થઈ ગયા છે. પૂજારીઓએ રાજાને કહ્યું, 'હે રાજાજી ! તમારા કૃષ્ણને તો અરબી સમુદ્ર ગળી ગયો છે. તેથી કૃષ્ણ હવે ડૂબેલી દ્વારકામાં નિવાસ કરે છે. તમે તેમને ત્યાં મળી શકશો.' રાજા અજમલજી કૃષ્ણભક્તિમાં એટલા લીન હતા કે તે દેહનું પણ ભાન ભૂલી ગયા ગયા હતા. તેમણે કૃષ્ણને મળવા દરિયામાં ડૂબકી મારી. તેમના પ્રાણનું પણ ભાન રહ્યું નહીં, પણ ભક્તોના હૃદયમાં બિરાજમાન કૃષ્ણ આ તેમના પરમ ભક્ત રાજાના પ્રાણ થોડા જવા દે ! ચમત્કાર થાય છે. એક મોટું લાકડું રાજાના હાથ લાગે છે. રાજા આ લાકડાને સહારે પાણીની બહાર તરે છે. રાજા આ ચમત્કાર થી ભાનમાં આવ્યા. જાણે ભગવાન કૃષ્ણે તેમને ત્યાં અવતાર ધારણ કરવાનું વચન



આપ્યું ન હોય ! રાજા પુનઃ રણુંજાની ગાદી સંભાળે છે. પ્રજાની સેવા કરે છે. દીન- દુઃખિયાનો સહારો બને છે. રણછોડરાય, કૃષ્ણની ભક્તિ સાથે સાધુ-સંતોની સેવા કરી રાજધર્મ બજાવે છે. સમય જતાં રાજાને ત્યાં પારણું બંધાય છે.રાણી મીનળદેવીની કૂખે પ્રથમ પુત્રનો જન્મ થાય છે, જેમનું નામ વિરમદેવ પાડવામાં આવે છે. ત્યારબાદ દંતકથા પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણ રાણી મીનળ દેવીની કૂખે બીજા પુત્ર સ્વરૂપે જન્મે છે. તે જ આપણા રામદેવ પીર હોવાનું મનાય છે. આ રામદેવ જેમણે નાનપણમાં બાલ્યકાળમાં જે પરાક્રમે કર્યા છે તેનાથી પિતા અજમલજી તથા માતા મીનળ દેવીને ખાત્રી થાય છે કે તેમને ત્યાં ભગવાન શ્રીકૃષ્ણ સાક્ષાત્ અવતર્યા છે. રાજા અજમલજીને કૃષ્ણભક્તિ ફળી ભગવાન શ્રીકૃષ્ણની જેમ જ રાજા રામદેવ પીરની બાળપણની અનેક ચમત્કારિક બાળકથાઓ છે. તેમાંની એક બાળકથા ખૂબ જ પ્રચલિત છે. રામદેવપીર નાના હતા ત્યારે તેમને લાકડાના ઘોડા પર સવારી કરવાનું મન થયું. તેથી પુત્રની ઈચ્છા પૂરી કરવા અજમલ જી લાકડાનાં રમકડાં બનાવનાર ખરાદીને બોલાવી સુખડ-ચંદનના લાકડામાંથી સુંદર ઘોડો બનાવે છે તથા દરજીને બોલાવી મુખ્ય લીલા રંગનાં રંગબેરંગી વસ્ત્રો વડે ઘોડાને શણગારવામાં આવે છે. આ શણગારેલ ઘોડા પર અજમલજી પુત્ર રામદેવની ઈચ્છા પૂર્ણ કરવા ઘોડા પર સવારી કરાવે છે. જેવા રામદેવ ઘોડા પર બેસે છે કે ઘોડો રામદેવને લઈ આકાશ માર્ગે દોડી ગયો. ઘોડો તથા રામદેવ આકાશ માં અદશ્ય થયા. આ ચમત્કારથી રાજાઅજમલ વિષાદમાં પડી ગયા તેમને લાગ્યું કે ચોક્કસ આ ખરાદી તથા દરજીએ કંઈક કર્યું છે. રામદેવ ઘોડા સાથે પરત ન આવે ત્યાં સુધી ખરાદી તથા દરજીને કેદમાં પૂર્યા. પણ સૌના આશ્ચર્યની વચ્ચે સમય જતાં રામદેવ ઘોડાને લઈ પરત ફર્યા.ખરાદી તથા દરજી ને મુક્ત કર્યા. રાજા અજમલજી તથા રાજપરિવારમાં આનંદની લાગણી છવાઈ ગઈ. પિતા અજમલજી પોખરણના રાજા તરીકે કુંવર રામદેવને ગાદી એ બેસાડે છે. રાજા રામદેવ રાજ ધર્મનું પાલન કરે છે. પ્રજાને પણ ધર્મનું રક્ષણ કરવાનું શિક્ષણ આપે છે. રાજ્યમાં ગાયો તથા સાધુ- સંતોની સેવા થાય છે. રાજદરબારમાંથી કોઈ ભૂખ્યું જતું નથી.સર્વેને ન્યાય મળે છે. સમાજ ના તરછોડાયેલ ગરીબ તથા નાના પ્રકારના દુઃખોથી પીડાતા પ્રજા જનોની સેવામાં રાજા રામદેવ અહર્નિશ વ્યસ્ત રહે છે.તેમનો યશ દેશ-વિદેશમાં ફેલાય છે.ચારે દિશા ઓમાં રાજા રામદેવનો જય જય કાર થાય છે. તેમની આ પ્રસિદ્ધિ મુસ્લિમોના યાત્રાધામ મક્કા સુધી પહોંચે છે. ત્યાંના પાંચ પીર રાજા રામદેવનું પારખું કરવા દેવરા આવે છે. રાજા રામદેવ તેમનો આદર- સત્કાર કરે છે. તેમને ભોજન માટે આમંત્રણ આપે છે.પણ પેલા પાંચે પીર રામદેવનું પારખું કરવા દલીલ કરે છે કે અમે તો અમારા ભોજન ના પાત્ર વાડકાઓમાં જ અમારું ભોજન કરીએ છીએ,જે અમે મક્કામાં ભૂલી આવ્યા છીએ, તેથી અમે જમીશું નહીં, ભૂખ્યા રહીશું. અતિથિ દેવો ભવની ભાવનાવાળા રાજા રામદેવ પાંચે પીરને કહે છે : 'હે અતિથિ પીર ! તમે ભૂખ્યા રહો તો મારો રાજધર્મ લાજે!પણ જુઓ આકાશમાંથી તમે મક્કામાં ભૂલી આવ્યા છો તે વાડકા આવી રહ્યા છે. તેમાં તમે ભોજન કરો. ભૂખ્યા રહેશો નહીં.' ચમત્કાર થાય છે. પાંચે પીરની આગળ આકાશમાંથી ભોજન પાત્ર-વાડકા ગોઠવાઈ ગયા.આ જાણી પાંચે પીર રાજા રામદેવના ભક્ત બની ગયા. મક્કા-મદીના તથા મુલતાન વિસ્તારના પીર ઓલિયા પણ શ્રી રામદેવજીને 'હિંદવાપીર' તરીકે પૂજવા લાગ્યા. રામદેવરામાં સ્થિર થઈ આ પાંચે પીર પ્રજાની સેવા કરવા લાગ્યા તથા કૃષ્ણભક્ત બની ગયા. હાલમાં આ પાંચે પીર ની સમાધિ રાજા રામદેવની સમાધિની પાસે છે. તેથી મુસ્લિમ ભક્તો પણ અહીં આવે છે. આ ઘટના પછી રાજા રામદેવને પીરના પીર માનવામાં આવ્યા.ત્યારથી લોકસાહિત્યમાં રાજા રામદેવને રામદેવપીર તરીકે પ્રસિદ્ધિ મળી છે.ભાદરવા સુદ એકમથી નોમ સુધી રામદેવપીરના ભક્તો રામદેવ પીરનું વ્રત - રામદેવપીરનાં નોરતાં રાખે છે. તેની પૂર્વતૈયારી શ્રાવણ માસની અમાસે થાય છે. ભક્તો નવ દિવસ માટે જવારા ઉગાડે છે. અખંડ દીવો કરે છે. ઉપવાસ તથા એકટાણાં પણ કરે છે.નોમે રામા પીરના નેજા કાઢવામાં આવે છે. ભક્તો શ્રદ્ધા સાથે આ નોરતાં રાખે છે કે રણછોડરાય,શ્રીકૃષ્ણ,નકલંક જી કે ભગવાન કલ્કિ અમારી પીડા નું શમન કરશે. અકલ્પ્ય ભય દૂર કરશે તથા શત્રુઓનો સંહાર કરશે. સમગ્ર વર્ષ દરમિયાન ભગવાન શ્રી રામદેવપીર અમારી ખેતી,નોકરી ધંધા તથા સમગ્ર પરિવારનું સ્વાસ્થ્ય સાચવશે.અમારો સમાજ તથા દેશ સુખી સમૃદ્ધ થાય તથા શત્રુઓથી તેમનું રક્ષણ થાય તેવી શ્રદ્ધા તથા મનોકામનાથી તેમના ભક્તો પોતાના ઘરે તથા રામદેવ પીરનાં મંદિરોમાં રામદેવ પીરના નોરતાંનો ઉત્સવ ઊજવે છે. કાપડ માંથી બનાવેલ તથા માટી માંથી બનાવેલ ઘોડાઓ તથા ગરબા- ગરબીઓ તેમના સ્થાનકમાં પધરાવે છે. નોરતાના પ્રત્યેક દિવસે નૈવેદ્ય ધરાવી તેમની આરતી થાય છે. રામદેવપીરના પરમભક્ત હરજી ભાટીએ અનેક જગ્યાએ રામાપીરના કાપડના ઘોડાની પધરા મણી કરી તેમના નોરતાંનો પ્રારંભ કરાવ્યો હોવાનું મનાય છે. તેમની આરતી ગવાય છે. હરજી ભાટી જુએ તમારી વાટ રે, રણુજાના રાજા, આરતી ટાણે વેલેરા આવજો, એવા ધૂપને ધુમાડે વ્હેલા આવજો. રામદેવપીરના નોરતાંમાં રામદેવ પીરનો હેલો ખાસ ગુંજી ઊઠે છે રણુજાના રાજા, અજમલજીના બેટા, વિરમદેવના વીરા, રાણી નેતલદેના ભરથાર રણુજાના રાજા, અજમલજીના બેટા, વિરમદેવના વીરા, રાણી નેતલદેના ભરથાર મારો હેલો સાંભળો... હો... હો...જી.

# સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે ગુવાર, અનેક ગંભીર રોગોમાં આપે છે રાહત



ગુવાર શીંગ સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક છે. તેનું શાક નિયમિત ખાવાથી શરીરના અનેક રોગો દૂર થાય છે. જે ડાયાબિટિસ અને હૃદય રોગને લગતી બીમારીઓમાં રાહત આપે છે. સાથોસાથ કબજિયાતને દૂર કરીને પાચન શક્તિ વધારે છે. અંકિત રાજપૂત, જયપુરઃ બજારમાં ઋતુ પ્રમાણે શાકભાજીનું વેચાણ થાય છે. રાજસ્થાનની રાજધાની જયપુરના બજારોમાં ગુવારના દાણાની ખૂબ માંગ છે. ગુવારના દાણા ખાવામાં જેટલા ટેસ્ટી હોય છે, તેટલા જ સ્વાસ્થ્ય માટે પણ એટલા જ ફાયદાકારક છે. ગુવારમાં રહેલા ફાઈબર કબજિયાત જેવી સમસ્યાને ઘણી હદ સુધી ઘટાડે છે. ગુવારની શીંગોના નિયમિત સેવનથી પાચનની સમસ્યાઓ પણ સરળતાથી દૂર થઈ શકે છે. તેના ઉપયોગથી પેટ પણ સાફ રહે છે. ગુવાર શીંગોને કેલ્શિયમનો ભંડાર માનવામાં આવે છે. તેમાં રહેલા ફોસ્ફરસ અને કેલ્શિયમ હાડકાંને મજબૂત કરવાની સાથે સાથે તેમને સ્વસ્થ પણ રાખે છે. આ માટે, તમે ગવાર શીંગોનું શાક અથવા સલાડ તરીકે સેવન કરી શકો છો.ગુવારની શીંગો વજન ઘટાડવામાં મદદ કરે છે. લાંબા કલાકો સુધી કામ કરવું, તળેલું ખોરાક ખાવું તમારા સ્થૂળતાનું કારણ બની શકે છે. વધતા વજનને ઘટાડવા માટે, ગુવારની શીંગોનું ચોક્કસપણે સેવન કરો. આરોગ્ય નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર, ગુવારની શીંગોમાં અન્ય શાકભાજી કરતા વધુ પ્રમાણમાં ફાઈબર હોય છે, જે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

આ માટે, ઘણા લોકો તેનો ઉપયોગ શાકભાજી તેમજ સલાડ તરીકે કરે છે. ગુવારની શીંગ આખા વર્ષ દરમિયાન માત્ર ૨ થી ૩ મહિના માટે જ ઉપલબ્ધ હોય છે. ગુવારની શીંગ પાક્યા બાદ તેમાંથી દવાઓ પણ બનાવવામાં આવે છે. તેનો ઉપયોગ ઘણા રોગોની સારવારમાં થાય છે. ગુવાર શીંગને ક્લસ્ટર બીન્સ તરીકે પણ ઓળખવામાં આવે છે. નિયમિતપણે ગવારનું શાક ખાવાથી શરીરના અનેક રોગો દૂર થાય છે. ગુવારના દાણાના સેવનથી વજન ઘટે છે. તે કબજિયાતને દૂર કરીને પાચન શક્તિ વધારે છે. ગુવાર શીંગ હૃદયને લગતી બીમારીને પણ દૂર કરે છે. જો તમે ડાયાબિટીસના દર્દી છો, તો તમારે ગુવારના દાણાનું નિયમિત સેવન કરવું જોઈએ. તેનાથી શરીરમાં બ્લડ શુગર કંટ્રોલમાં રહે છે. ગુવાર શીંગના બીજમાંથી ઘણી દવાઓ બનાવવામાં આવે છે, જે પ્રાણીઓની સારવારમાં અસરકારક સાબિત થાય છે. આ ઉપરાંત ગુવારના બીજમાંથી પ્રાણીઓ માટે ખાસ ખાદ્ય પદાર્થ તૈયાર કરવામાં આવે છે. તેને ગાય-ભેંસ જેવા પશુઓને ખવડાવવાથી તેમની દૂધ આપવાની ક્ષમતા વધી જાય છે. ગવારની શાક પ્રેગ્નેન્ટ મહિલાઓ ચોક્કસથી ખાવું જોઈએ.

# સ્કિનને ગ્લોઈંગ રાખવા આ ટિપ્સ અપનાવો



સ્કિનને ગ્લોઈંગ રાખવા આ નેચરલ ટિપ્સ અપનાવો. સ્કિન ગ્લો માટે કેમિકલયુક્ત મોંઘી પ્રોડક્ટસનો ઉપયોગ કરવાની જરૂર નથી, પંરતુ આ સરળ નેચરલ સ્કિનકેર રૂટિન અપનાવાથી તમે ગ્લોઈંગ સ્કિન મેળવી શકો છો, અહીં જાણો ટિપ્સ. સ્કિનકેર માટે કંઈ વધારે મહેનતની જરૂર નથી. પરંતુ કેટલીકવાર, તે સરળ હોઈ શકે છે. દરરોજ, જો તમે સ્કિનકેર રૂટિન નિયમિતપણે અનુસરો છો, જે તમારી સ્કિનના ટાઈપને અનુરૂપ છે, તો તમે થોડા દિવસોમાં તફાવત જોશો. જો તમે તમારા ચહેરાને નેચરલી ગ્લોઈંગ બનાવવાની ટિપ્સ શોધી રહ્યા છો, તો આ મૂળભૂત ટિપ્સ તમારી સવારની દિનચર્યા નો ભાગ બનાવો, સૌથી સરળ રસ્તો જે તમે દરરોજ સવારે ઉઠ્યા પછી કરી શકો છો, તે છે તમારા ચહેરાને ઠંડા પાણીથી ધોઈ લો. જો તમે ઘરની બહાર ન નીકળતા હોવ તો પણ, તમારો ચહેરો ધોવો અને તેને ક્લીન રાખવો એ કુદરતી રીતે- ગ્લોઈંગ લૂક આપશે. ચહેરો ધોવાથી આખી રાત સ્કિન પર બનેલું વધારાનું તેલ સાફ થઈ શકે છે. આ, બદલામાં, ચહેરામાં તાજગી અનુભવી શકે છે. જો કે, યાદ રાખો કે તમારા ચહેરા પર ક્યારેય નહાવાના સાબુનો ઉપયોગ ન કરો. તમારા ફેસ પર થોડી મુલતાની માટી લગાવો. મુલતાની માટીને સ્કિન માટે સ્વર્ગીય માનવામાં આવે છે. સ્કિનને ક્લીન કરે છે. એક્સપર્ટ મુજબ, દરરોજ તમારો ચહેરો સાફ કરો, ત્યાર બાદ તમે આ કુદરતી ફેસ પેક લગાવી શકો છો. એવું કહેવાય છે કે મુલતાની માટી તમારા ચહેરા પરથી બધી ગંદકી અને ધૂળ દૂર કરી શકે છે અને તેની ડ્રાયનેસને પણ રોકી શકે છે. સારા પરિણામો માટે તમે આ ફેસ પેકમાં થોડું મધ પણ ઉમેરી શકો છો. ગ્લિસરીન : ગ્લિસરિન સ્કિનના કુદરતી પાણીને જાળવી રાખે છે અને હંમેશા હાઈડ્રેટેડ રાખી શકે છે. તમે એક બાઉલમાં થોડું ગુલાબજળ અને થોડો લીંબુનો રસ મિક્સ કરી શકો છો અને તેમાં ગ્લિસરીન ઉમેરી શકો છો. તેમને સારી રીતે મિક્સ કરો, પછી તેને ફ્રિજમાં સ્ટોર કરો. પછી, અને ખાસ કરીને જો તમને ખીલ થવાની સંભાવના હોય. તો તેને દરરોજ ચહેરા પર લાગુ કરો. એવું માનવામાં આવે છે કે ગ્લિસરિન પિમ્પલ્સને કારણે થતા ડાઘ દૂર કરી શકે છે. ગ્લિસરીન લગાવવા માટે કોટનનો ઉપયોગ કરો.

# બાળકોને દરરોજ એક ગ્લાસ આ જ્યૂસ પીવડાવો, હાઇટ ફટાફટ વધશે..



સંતરાનો જ્યૂસ બાળકો માટે અનેક રીતે ફાયદાકારક છે. સંતરાના જ્યૂસમાં રહેલા ગુણો બાળકોની હેલ્થ માટે અનેક રીતે ફાયદાકારક છે. તો જાણો દરરોજ એક ગ્લાસ સંતરાનો જ્યૂસ પીવડાવવાથી બાળકોને શું ફાયદાઓ થાય છે. હંમેશા પેરેન્ટ્સને પોતાને બાળકોની ચિંતા રહેતી હોય છે. કોઈ બાળકની હાઈટ ઓછી હોય છે, તો કોઈને નાની ઉંમરમાં ચશ્માના નંબર આવી જતા હોય છે. આ સાથે અનેક બાળકોમાં વિટામીન સીની ઉણપ હોય છે. આ ઉણપને પૂરી કરવા માટે પેરેન્ટ્સ અનેક ઘણું વિચારતા હોય છે. પરંતુ તમને જણાવી દઈએ કે તમે દરરોજ એક ગ્લાસ સંતરાનો જ્યૂસ બાળકોને પીવડાવો છો તો હેલ્થ સારી રહે છે અને સાથે શરીરમાં અનેક પ્રકારના વિટામીન્સની ઉણપ પૂરી થાય છે. તો જાણો બાળકોને સંતરાનો જ્યૂસ પીવડાવવાથી શું ફાયદાઓ થાય છે. બાળકોને તમે એક ગ્લાસ સંતરાનો જ્યૂસ ડેઈલી પીવડાવો છો તો ઈમ્યુનિટી સિસ્ટમ સારી થાય છે. બાળકોની ઈમ્યુનિટી સિસ્ટમ સ્ટ્રોંગ હોવાને કારણે બીજી અનેક બીમારીઓથી બચી શકે છે. આ સાથે વાયરલ ફિવરની ઝપેટમાં જલદી નહીં આવે. બાળકોની ઈમ્યુનિટી સિસ્ટમ પાવરફૂલ હોવી ખૂબ જરૂરી છે. ઘણાં બધા બાળકોમાં વિટામીન સીની ઉણપ હોય છે. આ ઉણપને પૂરી કરવી ખૂબ જરૂરી છે. વિટામીન સીની ઉણપથી બાળકને અનેક તકલીફો થઈ શકે છે. આમ, બાળકમાં વિટામીન સીની ઉણપને પૂરી કરવા માટે દરરોજ એક ગ્લાસ સંતરાનો જ્યૂસ પીવડાવો. સંતરાનો જ્યૂસ પીવડાવવાથી વિટામીન સીની માત્રા શરીરમાં પૂરી થાય છે. બાળકોના હાડકાં સ્ટ્રોંગ કરવા ખૂબ જરૂરી છે. હાડકાં નબળા હોય તો બીજી અનેક તકલીફો થતી હોય છે. હાડકાં નબળા સ્ટ્રોંગ કરવા માટે એક ગ્લાસ સંતરાનો જ્યૂસ પીવડાવો.

# જાણો જો દાંતની બરાબર સફાઈ ન રાખે તો શું થશે?




દાંતને જડબામાં પકડી રાખનાર જે અવયવો/ રચના છે તેને 'પેરીઓડોન્સીયમ' તરીકે ઓળખવામાં આવે છે. આ પેરીઓડોન્સિયમમાં મુખ્યત્વે જડબાનું હાડકું તથા પેઢાં આવે છે. પેરીઓડોન્સિયમમાં થતો રોગ કે જે દાંતનાં પાયાને નબળો પાડી અંતે દાંતને પાડી નાખે છે તેને પાયોરિયા તરીકે ઓળખવામાં આવે છે. જેમ દાંતનો સડો એ દાંતના બંધારણને થતો રોગ છે તેમ પાયોરિયા દાંતને પકડી રાખનાર કે દાંતને મજબૂત રાખનાર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને થતો રોગ ગણી શકાય.

પાયોરિયાનું મુખ્ય કારણ છારી(પ્લેક) માનવામાં આવે છે. પ્લેક એટલે દાંત પર બાઝી જતું ખોરાકનાં કણોનું બારીક પડ. આ પડ સાથે મોંની અંદર ઉત્પન્ન થતાં એરોબિક્સ કે એનેરોબિક્સ જીવાણુઓ જોડાતાં, આ પડ વધુ નુકસાનકારક બને છે. સામાન્ય રીતે આ છારી કે પ્લેક આખા દાંત પર ચોંટેલ હોય છે, પરંતુ દાંત અને પેઢાં જ્યાં મળે છે તે જગ્યાએ પ્લેકનું પ્રમાણ વધારે ડિપોઝિટ થતું જોવામાં આવે છે. રોજે રોજ જામતું આ પડ શરૂઆતમાં એટલું ઓછું અને પોચું હોય છે કે માત્ર બ્રશ કરવાથી તેને આરામથી દૂર કરી શકાય છે, પરંતુ રોજે રોજ નિયમિત અને યોગ્ય રીતે બ્રશ કરવામાં ન આવે તો આ પ્લેક ધીમે ધીમે લાળમાં રહેલા ક્ષારો સાથે ભળી અને પોચામાંથી સખત(કઠણ) એટલે કે કેલ્સિફાઈડ થઈ જાય છે. આ સખત થયેલું પડ ધીમે ધીમે પેઢાંની અંદર જગ્યા બનાવીને પેઢાંને દાંતથી છૂટા પાડી નાખે છે. આમ દાંત અને પેઢાં વચ્ચે જગ્યા પડે છે જેને પોકેટ તરીકે ઓળખવામાં આવે છે. આ પોકેટમાં ખોરાકના કણો ભરાવવા માંડે છે તેને લીધે ધીમે ધીમે પેઢાં સૂજી જાય છે. પોકેટમાં ફસાઈ રહેલાં ખોરાકના કણો સડતાં મોઢામાંથી વાસ આવે છે. આ પોકેટમાં જીવાણુઓનો ચેપ લાગવાથી અને છારી વધુને વધુ જમા થવાથી ધીમે ધીમે આ પ્રક્રિયા પેઢાંથી આગળ જઈને દાંતને પકડી રાખનાર હાડકાને પણ ઓગાળી નાખી શકે છે. આ રોગની શરૂઆતમાં દર્દીને કોઈ પણ જાતની તકલીફ નથી હોતી, પરંતુ રોગ આગળ વધતાં ધીમે ધીમે પેઢાં લાલ થવા માંડે છે. એની દરકાર ન કરતા દર્દીને કોઈક વાર પૂરે પૂરું બ્રશ કરતાં પેઢામાંથી લોહી આવે છે. ધીમેધીમે લોહી નીકળવાનો સમય ઘટતો જાય છે અર્થાત્ જરાક અમસ્તું બ્રશ કરતાંવેંત લોહી નીકળવા લાગે છે. રોગ અહીંથી પણ આગળ વધે તો પછી પેઢાં ફુલવા માંડે છે ને દર્દી પેઢાંને જરાક આંગળીથી અડે તો પણ તરત જ એમાંથી લોહી નીકળવા માંડે છે. અરીસામાં ધ્યાનપૂર્વક જોતા દાંત અને પેઢાં વચ્ચેનો જે જોઈન્ટ છે તે જગ્યાએ દાંત કરતા જુદા રંગનું એક પાતળું પડ જોવાં મળે છે, જે લોકોને આ દાંતનો મેલ/ છારી એટલે કે પ્લેક જામી જવાની તાસીર હોય તે લોકોએ પ્રોપર બ્રશિંગ ટેક્નિક સાથે નિયમિત બ્રશ કરવું જોઈએ તેમ જ નિયમિત સમયાંતરે દાંતનાં ડૉક્ટર પાસે દાંત પર જામેલી છારી દૂર કરાવતું રહેવું જોઈએ. દાંતના મૂળમાં છારી બાઝેલી દેખાય અને મોંમાંથી વાસ આવે ત્યારે જ જો આ રોગને યોગ્ય રીતે રોકવામાં ન આવે તો પછી રોગ આગળ વધી પેઢાંને ખાઈ જાય છે. પેઢાંમાં ઈન્ફેક્શન લાગતા તેમાં રસી થાય છે. વધારે ગંભીર કેસમાં હાડકું પણ ખવાઈ જાય છે. આવા દર્દીઓનાં દાંત સપોર્ટના અભાવે જાતે પડવા માંડે છે.

**ડાયાબિટીસ, થાયરોઈડ અને બીજા કેટલાક હોર્મોનલ રોગોમાં પણ પેઢાંનાં રોગો થવાની શક્યતાઓ વધે**

BOLLYWOOD NEWS FLASH

**તેણે કહ્યું કે, તમિલ, કન્નડ, મલયાલમ અને તેલુગુમાં બનેલી કોમર્શિયલ ફિલ્મો પણ વધુ કલ્પનાશીલ અને મૌલિક હોય છે**



# નસીરુદ્દીનને નથી પસંદ ધ કાશ્મીર ફાઈલ્સ જેવી ફિલ્મો

। મુંબઈ, તા.૧૬ ।

તમને જણાવી દઈએ કે, નસીરુદ્દીન શાહે હાલમાં જ ફ્રી પ્રેસ જર્નલને આપેલા એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, તમે જેટલી વધુ જિન્ગોઈસ્ટ ફિલ્મો બનાવશો તેટલી વધુ લોકપ્રિય બનશો અને આ દેશમાં આ જ થઈ રહ્યું છે, પરંતુ જે લોકો આ કરી રહ્યા છે. તે ખૂબ જ હાનિકારક છે. તેણે એમ પણ કહ્યું કે, તેણે કાશ્મીર ફાઈલ્સ, ધ કેરળ સ્ટોરી અને ગદર ૨ જોઈ નથી પરંતુ તે જાણે છે કે તે શું છે. તેણે એમ પણ કહ્યું કે, તેને આવી ફિલ્મોથી તકલીફ છે. પરંતુ તેણે સાઉથની ફિલ્મો વિશે સકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. એક પબ્લિકેશનને આપેલા ઈન્ટરવ્યુમાં નસીરુદ્દીન શાહે સાઉથની ફિલ્મોની પ્રશંસા કરી હતી અને તેને બોલિવૂડ કરતા સારી ગણાવી હતી. તેણે કહ્યું હતું કે, હિન્દી ફિલ્મો કરતાં સાઉથની ફિલ્મો હવે દર્શકોને વધુ આકર્ષે છે. તેણે કહ્યું કે, તમિલ, કન્નડ, મલયાલમ અને તેલુગુમાં બનેલી કોમર્શિયલ ફિલ્મો પણ વધુ કલ્પનાશીલ અને મૌલિક હોય છે. નસીરુદ્દીન કહે છે કે, દક્ષિણના ઉદ્યોગો માટે આ કંઈ નવું નથી કારણ કે, તેઓ વર્ષોથી આવું કરી રહ્યા છે. તેમના ગીતોની છબી પણ, ગમે તેવી ઉન્મત્ત હોય છે, તે તેમના મૂળ વિચારો છે. નસીરુદ્દીને વધુમાં જણાવ્યું હતું કે, દક્ષિણ ભારતીય ફિલ્મોના સ્ટાર્સ વધુ મહેનતુ હોય છે, અને તેમની ફિલ્મો હિન્દી સિનેમા કરતાં સારું પ્રદર્શન કરે તેમા કોઈ નવાઈ નથી. નસીરુદ્દીન માને છે કે, તમિલ, કન્નડ, મલયાલમ અને તેલુગુ સહિતની તમામ દક્ષિણ ભારતીય ફિલ્મો ટેસ્ટમાં કેશ થઈ શકે છે, પરંતુ તે જે રીતે તેની સ્ક્રિપ્ટો એક્ઝિક્યુટ કરે છે તે હંમેશા ખામીરહિત રહી છે.

# કેતિકા શર્મા બિકિની લૂકમાં ખૂબ જ હોટ લાગી

। મુંબઈ, તા.૧૬ ।



સાઉથ એક્ટ્રેસ કેતિકા શર્મા તેના બોલ્ડ અને હોટ અંદાજ માટે જાણીતી છે. હાલમાં સાઉથ એક્ટ્રેસનો બિકિની અંદાજ વાયરલ થયો છે. કેતિકા શર્મા બિકિની લૂકમાં ખૂબ જ હોટ લાગી રહી છે. તમે પણ એક્ટ્રેસના બોલ્ડ અંદાજ પરથી નજર નહી હટાવી શકો. કેતિકા શર્મા સાઉથની જાણીતી એક્ટ્રેસ છે. કેતિકા સોશિયલ મીડિયા પર સતત એક્ટિવ રહે છે. કેતિકા શર્માના ચાહકો તેના બોલ્ડ અને હોટ અંદાજને પસંદ કરે છે. અભિનેત્રી ફિલ્મો કરતા તેના લુકને કારણે વધુ ચર્ચામાં રહે છે.હાલમાં જ એક્ટ્રેસનો ગ્લેમરસ અંદાજ વાયરલ થઈ રહ્યો છે. એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામ પર ખૂબ જ હોટ અંદાજમાં તસવીરો શેર કરી છે. આ તસવીરોએ ચાહકોને દિવાના બનાવ્યા છે. અભિનેત્રી કેતિકા શર્મા પણ સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. જ્યાં તે અવારનવાર પોતાની બોલ્ડ તસવીરોથી કહેર વર્તાવે છે.

**એક્ટ્રેસનો નવો લૂક આગની જેમ વાયરલ થઈ રહ્યો છે, ઉર્ફી જાવેદ દરેક વખતે કંઈક અલગ જ પહેરે છે**

# નેટથી બનેલો હોટ ડ્રેસ પહેરી ઉર્ફી જાવેદે લગાવી આગ

। મુંબઈ, તા.૧૬ ।



ઉર્ફી જાવેદ તેના લેટેસ્ટ લુકથી બધાને ચોંકાવી દે છે. તાજેતરમાં તેણે રેડ નેટથી બનેલો એવો ડ્રેસ પહેર્યો કે આ આઉટફિટ જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા. ઉર્ફી જાવેદ તેના આ હોટ લૂકમાં ખૂબ જ ગ્લેમરસ પોઝ આપતી જોવા મળે છે. ઉર્ફી જાવેદના ચાહકો તેના આ નવા લૂક પર પ્રેમ વરસાવી રહ્યા છે. રેડ કલરના નેટમાં ઉર્ફી જાવેદે ખૂબ જ શાનદાર પોઝ આપ્યા છે. ક્યારેક રમકડાંથી તો ક્યારેક બબલગમથી પોતાના ડ્રેસ તૈયાર કરી ઉર્ફી જાવેદ ચાહકોને દંગ કરે છે. એક્ટ્રેસનો નવો લૂક આગની જેમ વાયરલ થઈ રહ્યો છે. ઉર્ફી જાવેદ દરેક વખતે કંઈક અલગ જ પહેરે છે જેને જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ જાય છે. આ વખતે આઉટફિટ જોઈને યુઝર્સ ક્રેઝી થઈ ગયા છે. ઉર્ફીએ આ વીડિયો તેના ઈન્સ્ટા હેન્ડલ પર પણ શેર કર્યો છે. આટલું જ નહીં, ઉર્ફીના આઉટફિટની સૌથી મોટી ખાસિયત તેની લાલ રંગની નેટ હતી, જેને જોઈને દરેકનું મન ચોંકી જશે. ઉર્ફીને વધુ પડતી ખુલ્લી નેટ ડ્રેસમાં જોઈને ચાહકો દંગ રહી ગયા હતા. સોશિયલ મીડિયા પર તેનો વીડિયો જોઈને લોકો ફની રિએક્શન આપી રહ્યા છે. એક યુઝરે કોમેન્ટમાં લખ્યું- શું તમે આ માસ્ક રાજ કુન્દ્રા પાસેથી લીધો છે? અન્ય એક યુઝરે લખ્યું કે મારે મારા ઘરમાં લાલ રંગની નેટ લગાવવી હતી જે કોઈએ ચોરી કરી છે, મળી નથી રહી જેમણે પણ લીધી હોય પરત કરો. જ્યારે ત્રીજાએ લખ્યું- આજે મને ખબર પડી કે મારો ફોન કેટલો ઝૂમ કરી શકે છે.

**વર્તમાન સમયે કલાકારો એક સમાન પાત્રમાં બંધાઈ રહેવા ઈચ્છતા નથી, જેથી તેઓ અલગ-અલગ ભૂમિકાઓ ભજવતા હોય છે**

# કલાકાર રાજ ખુરાનાએ ૧૪૪ ફિલ્મોમાં પોલીસની ભૂમિકા ભજવી

। મુંબઈ, તા.૧૬ ।



ફિલ્મ જગતમાં દરેક કલાકારની કોઈને કોઈ ખાસિયત હોય છે. તેની અભિનય કળા તેને કોઈ પાત્રમાં બંધ બેસાડે છે. જેમકે કોઈ કલાકારનો રોમેન્ટિક અંદાજ હોય છે, તો કોઈ વિલનના પાત્રમાં વધુ ફીટ રહે છે. કેટલાક કલાકાર સાઈડ રોલમાં જોવા મળતા હોય છે. આવી રીતે ૮૦ના દશકના જાણીતા અભિનેતા જગદીશ રાજ ખુરાનાએ પોતાની કારકિર્દીમાં એક સમાન રોલ કર્યા હતા. તેમની આ ખાસ વાતના કારણે તેમનું નામ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ નોંધાયું છે. તેમની પુત્રીએ પણ ફિલ્મી પડદે સફળતા મેળવી હતી. વર્તમાન સમયે કલાકારો એક સમાન પાત્રમાં બંધાઈ રહેવા ઈચ્છતા નથી. જેથી તેઓ અલગ-અલગ ભૂમિકાઓ ભજવતા હોય છે. પરંતુ અમિતાભ બચ્ચનની ડોન ફિલ્મમાં પોલીસ ઈન્સ્પેકટરની ભૂમિકા ભજવનાર જગદીશ રાજ ખુરાનાએ પોતાની ૧૫૦માંથી ૧૪૪ ફિલ્મોમાં પોલીસ ઈન્સ્પેક્ટરની ભૂમિકા ભજવી હતી. તેઓ ફિલ્મી પડદે પોલીસ ઈન્સ્પેક્ટરની ભૂમિકામાં જ જોવા મળ્યા હતા. આજે પણ પોલીસ ઈન્સ્પેક્ટરના પાત્રની વાત આવે, ત્યારે તેમનો ચહેરો મગજમાં આવે છે. ૮૦ અને ૯૦ના દાયકામાં તેઓએ પોતાની દરેક ફિલ્મમાં પોલીસ ઈન્સ્પેક્ટરની ભૂમિકા ભજવી હતી. એક જ પાત્ર ભજવીને તેઓ એટલા જાણીતા બન્યા હતા કે તેમનું નામ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું હતું. પોતાના પાત્ર માટે તેઓએ પોલીસની ખાખી વર્દી પણ સિવડાવી રાખી હતી. તેમણે પોતાની કારકિર્દીમાં જોની મેરા નામ, ગેમ્બલર, સુહાગ, મહેબૂબ કી મહેંદી, સીઆઈડી, કાનુન, વક્ત, રોટી, ઈત્તેફાક, સફર અને ડોન જેવી ઘણી ફિલ્મોમાં કામ કર્યું હતું. જેમાંથી મોટાભાગની ફિલ્મોમાં તેઓ પોલીસની વર્દીમાં જોવા મળ્યા હતા. વર્ષ ૧૯૯૨માં જગદીશ રાજ ફિલ્મ જગતની દૂર જતા રહ્યા હતા. જોકે, તેઓ એક્ટિંગ કેરિયરને અલવિદા કહે તે પહેલા તેમની પુત્રી અનિતા રાજે એક્ટિંગની દુનિયામાં પગ મૂકી દીધો હતો. તેની પહેલી ફિલ્મ 'મહેંદી રંગ લાયેગી' હતી. આ ફિલ્મ બાદ તેણે ઘણી બધી સુપરહિટ ફિલ્મો આપી હતી. તે સમયે અનિતા અને ધર્મેન્દ્રની જોડી ખૂબ જાણીતી બની હતી. અનિતાએ પોતાની કારકિર્દીમાં ૪૬ જેટલી ફિલ્મો કરી હતી. તેની અને ધર્મેન્દ્રની 'જમાના તો હૈ નોકર બીવી કા' ફિલ્મને આજે પણ ચાહકો પસંદ કરે છે.

### ઝાલોદ નગરના માઇ ભક્તોનું પગપાળા સંઘ અંબાજી યાત્રાએ જવા નીકળ્યું

# ખોડિયાર માતાના મંદિરે આરતી પૂજન અને ધ્વજાનુ પૂજન કરી ઢોલનગારા અને ફટાકડાની ભવ્ય આતસબાજી સાથે નીકળ્યું



। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૬ ।

ઝાલોદ નગરમાં વાયરસ ગ્રુપ દ્વારા છેલ્લા ઘણા વર્ષો થી પગપાળા યાત્રા સંઘ અંબાજી મંદિરે જવા આયોજન કરવામાં આવે છે. વાયરસ ગ્રુપ દ્વારા અંબાજી યાત્રામાં જનાર ભક્તોના નામ ૧ મહીના અગાઉથી લખવામાં આવે છે. જેથી યાત્રા દરમ્યાન કોઈ પણ પદયાત્રીને કોઈ પણ જાતની તકલીફ ન પડે.

ઝાલોદ નગરનો અંબાજી મંદિરે પગપાળા સંઘ આજરોજ તારીખ ૧૫-૦૯-૨૦૨૩ ના રોજ રાત્રીના ૮ વાગે ખોડિયાર મંદિરે ઉપસ્થિત રહ્યો હતો. ઉપસ્થિત સહુ લોકોએ ખોડિયાર મંદિરે આરતી પૂજા તેમજ ધ્વજાનુ પૂજા અર્ચન કરી માઁ અંબાના આશીર્વાદ લઇ સહુ માઈ ભક્તો બોલ માડી અંબે જય જય અંબેના જયઘોષ સાથે નીકળ્યું હતું. માઈ ભક્તોનો રથ અંબાજી જવા જેમ નીકળવા લાગ્યો તેમ સ્વયં સમસ્ત દેવીદેવતાઓ એ વર્ષા રૂપી આશીર્વાદ આપ્યો હોય તેમ લાગતું હતું. વરસાદના આગમન થવા છતાય પગપાળા સંઘને અંબાજી જવા આશીર્વાદ આપવાં નગરના માર્ગો પર મોટા પ્રમાણમાં માનવ મહેરામણ ઉમટી પડયું હતું.

પગપાળા સંઘ જેમ જેમ યાત્રામાં આગળ વધતો જતો હતો તેમ તેમ નગરના દરેક માર્ગો પર માઁ અંબાના આશીર્વાદ લેવા ભક્તોનો ઘસારો જોવા મળતો હતો. નગરના દરેક માર્ગો પર પગપાળા સંઘ બેંડબાજા અને નાશિક ઢોલના તાલે નીકળતા માઈ ભક્તો નાચતા ઝૂમતા જોવા મળતા હતા. નગરના દરેક માર્ગો પર ફટાકડાની ભવ્ય આતસબાજી કરવામાં આવતી હતી. પગપાળા સંઘને નગરના મુવાડા ચોકડી સુધી મૂકવા નગરના લોકો આવેલ હતા. સહુ નગરજનો એ માઈ ભક્તોની પગપાળા યાત્રા સફળ રહે તેવા આશીર્વાદ આપી પગપાળા સંઘને નગરમાંથી વિદાય આપી હતી. માઈ ભક્તો પણ નગરના સહુ લોકોના આશીર્વાદ લઇ ધન્ય માની માઁ અંબાના આશીર્વાદ થકી બોલ માડી અંબે જય જય અંબેના જય જયકાર સાથે અંબાજી જવા રવાના થયું હતું.

# ઝાલોદ તાલુકામાં ઝાલોદ શહેરમાં ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ભવાઈ કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું



। ઝાલોદ, તા.૧૬ ।

આજ રોજ તા.૧૫-૦૯-૨૦૨૩ શુક્રવાર ના રોજ પ્રધાનમંત્રી ટીબી મુકત ભારત અભિયાન ૨૦૨૫ અંતર્ગત આજ રોજ તા.૧૫-૦૯-૨૦૨૩ શુક્રવારના રોજ પ્રધાનમંત્રી ટીબી મુકત ભારત અભિયાન ૨૦૨૫ અંતર્ગત ઝાલોદ તાલુકામાં ઝાલોદ શહેર માં ટીબી મુકત ભારત અભિયાન અંતર્ગત ભવાઈ કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું હતું અને ટીબી રોગ વિષેનો પ્રચાર પ્રસાર કરવામા આવ્યો હતો, આ સમગ્ર કાર્યક્રમ જિલ્લા ક્ષય અધિકારી ડૉ. આર.ડી. પહાડીયા અને તાલુકા આરોગ્ય અધિકારી ડૉ તુષાર ભાભોરના માર્ગદર્શનમા કરવામા આવ્યો હતો અને આરોગ્યના સ્ટાફ તાલુકા સુપરવાઈઝર, તાલુકા ટીબી સુપરવાઈઝર, UPHC ના mphw હાજર રહી શહેરમાં ભવાઈ તેમજ પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું. આવો સૌ સાથે મળીને ટીબી ને હરાવીએ. ''ટીબી હારેગા દેશ જીતેગા.''

### નગરમાં ભોલેનાથની શોભાયાત્રામાં શિવ નૃત્ય મંડળી એ અનેરું આકર્ષણ ઉભુ કર્યું

# ઝાલોદ નગરમાં શ્રાવણ મહિનાની પૂર્ણાહુતિ નિમિત્તે નગરમાં શંકર સવારી અને ભોલેકા ભંડારાનું આયોજન કરાયું

। ઝાલોદ, તા.૧૬ ।

ઝાલોદ નગરના સોમનાથ મહાદેવ મંદિર કમિટી દ્વારા આખાં શ્રાવણ માસ દરમિયાન વિવિધ ધાર્મિક પ્રોગ્રામો રાખી સહુ નગરજનોને ભોલેનાથની ભક્તિમાં રંગી રાખેલ હતા. શ્રાવણ મહિના દરમ્યાન ભોલેનાથ ભગવાનને મંદિરમાં નિયમિત રીતે વિશેષ રાજભોગ, વિશેષ શણગાર, દૂધ જળ બીલીપત્રની સેવા, નગરની વિવિધ મંડળીઓ દ્વારા ભજન કીર્તન, ડાયરો તેમજ છેલ્લા ત્રણ દિવસ લઘુરુદ્ર પૂજાપાઠ દ્વારા હોમાત્મક હવન પૂજા રાખવામાં આવેલ હતી. આ દરેક ધાર્મિક પ્રોગ્રામોનો લાભ નગરના લોકોએ ઉત્સાહ પૂર્વક લીધો હતો.

તારીખ ૧૫-૦૯-૨૦૨૩ ના શુક્રવારના અમાવધ્યાના રોજ પવિત્ર શ્રાવણ માસની પૂર્ણાહુતિ નિમિત્તે દેવાધિદેવ મહારાજાધીરાજ ભોલેનાથની શોભાયાત્રા નગરમાં કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં ભોલેનાથના ભક્તો મોટા પ્રમાણમાં જોડાયેલ હતા. આ શોભાયાત્રા સોમનાથ મહાદેવથી નીકળી નગરના માર્ગો પર ફરી હતી. સ્વયંભૂ મહાદેવ અધિકમાસ અને શ્રાવણ મહિનાનું પુણ્ય આપવા માટે નગરમાં ભોલેના ભક્તોને આશીર્વાદ આપવાં નીકળ્યા હોય તેવું લાગતું હતું. ભોલેનાથની સવારી જોવા તેમજ તેમના આશીર્વાદ લેવા નગરના લોકો મોટા પ્રમાણમાં જોડાયા હતા અને ભક્તો ભોલેનાથની ભક્તિમાં લીન જોવા મળતા હતા.



ભોલેનાથની શોભાયાત્રા નગરમાં મુખ્ય માર્ગો પર ફરી હતી. આ શોભાયાત્રા દરમ્યાન ઈન્દોરની પ્રખ્યાત શિવ મંડળી દ્વારા ધાર્મિક નૃત્ય કલા બતાવી સહુનું મન જીતી લીધું હતું. શિવ મંડળી એ આખી શોભાયાત્રા દરમિયાન અનેરું આકર્ષણ ઉભુ કર્યું હતું. આખી શોભાયાત્રામાં ભોલેનાથના જયજયકાર સાથે ગુંજી ઉઠયું હતું. આ શોભાયાત્રામાં દરેક સામાજના મહિલા મંડળ, યુવક મંડળ, યુવક, યુવતીઓ, મહિલાઓ, વડીલો તેમજ બાળકો મોટા પ્રમાણમાં જોડાયા હતા.

છેલ્લે શોભાયાત્રાની પૂર્ણાહુતિ નિમિત્તે સોમનાથ મહાદેવ મંદિરે મહાઆરતી તેમજ ભોલેકા ભંડારનું આયોજન ઉપસ્થિત સહુ ભક્તો માટે સોમનાથ મહાદેવ કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઝાલોદ ઝુલેલાલ મંદિરે ચાલીહા ઉત્સવ દરમ્યાન છપ્પન ભોગનું આયોજન કરાયું

### સિંધી સમાજના દરેક લોકો ઝુલેલાલ ભગવાનની ભક્તિ કરવા મોટા પ્રમાણમાં મંદિરે ઉમટી પડયા



। ઝાલોદ, તા.૧૬ ।

ઝાલોદ સિંધી સમાજનો ચાલીહા મહોત્સવના ૩૮માં દિવસે છપ્પન ભોગનું આયોજન ઝુલેલાલ મંદિરે કરવામાં આવ્યું હતું. ઝુલેલાલ ભગવાનના મંદિરે સિંધી સમાજના સહુ લોકો મોટા પ્રમાણમાં ભેગા થયેલ હતા. નગરના સિંધી સમાજ દ્વારા ચાલીહા મહોત્સવ અંતર્ગત અમરલાલ ગ્રુપ દ્વારા ભગવાન ઝુલેલાલના કીર્તન, ભજન, સત્સંગ નિત્ય કરવામાં આવી રહ્યો છે. અમરલાલ ગ્રુપ દ્વારા ઝુલેલાલ ભગવાનના સત્સંગ ચાલીહા મહોત્સવ દરમ્યાન સિંધી સમાજના ઘરે જઈને કરવામાં આવતો હતો.

ચાલીહા મહોત્સવ અંતર્ગત સિંધી સમાજ ઝુલેલાલ મંદિરે નિત્ય ધાર્મિક પ્રોગ્રામ કરી ઝુલેલાલ ભગવાનના ભજન કરતા હતા. આજરોજ તારીખ ૧૫-૦૯-૨૦૨૩ શુક્રવારના રોજ સિંધી સમાજના ઝુંલેલાલ મંદિરે છપ્પન ભોગનું આયોજન કરવામાં આવેલ હતું. ઝુલેલાલ મંદિરે સિંધી સમાજના મહિલાઓ, બાળકો ,પુરુષો મોટા પ્રમાણમાં ઉપસ્થિત રહેલ હતા. સહુ લોકો ઝુલેલાલ ભગવાનને ભોગ લગાવવા પોતપોતાના ઘરેથી પ્રસાદ બનાવી લાવેલ હતા. સિંધી સમાજના અમરલાલ ગ્રુપ દ્વારા મંદિરે કીર્તન આરતી કરી છેલ્લે છપ્પનભોગનો મહાપ્રસાદ લીધેલ હતો.

# રાજકોટના કારીગરો સાથે વડાપ્રધાન વર્ચ્યુઅલ ચર્ચાને આવકારતા વિજય રાઠોડ

હુસામુદ્દીન કપાસી

। જસદણ, તા.૧૬ ।

કોરોનાની મહામારીની સૌથી વધુ અસર નાના કારીગરો ઉપર પડી છે ત્યારે મજુરી કામ કરતાં કારીગરો પગભર થઈ શકે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિશ્ર્વકર્મા યોજના બનાવી છે જેનું કાલે તા.૧૭મી સપ્ટેમ્બરે નરેન્દ્ર મોદીના જન્મદિવસે લોન્ચીંગ રાખવામાં આવ્યું છે ત્યારે રાજકોટ કારીગરો આ રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વર્ચ્યુઅલ ચર્ચા કરશે તે ચર્ચાને જસદણ જીઆઈડીસી એસોસિએશનના પ્રમૂખ વિજયભાઈ જેન્તીભાઈ રાઠોડએ આવકારી હતી અને આ યોજના થકી હજજારો કારીગરોને લાભ મળશે તેમ જણાવ્યું હતું અત્રે નોંધનીય છે કે રવિવારે વડાપ્રધાન



નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે નાના કારીગરો જેવા કે સુથાર, મોચી, લુહાર, કુંભાર, મુર્તિકાર, કડીયાકામ, વાણંદ, ધોબી, દરજીને લગતું કામ કરતાં જુદી જુદી ૧૮ કારીગરોને પગભર કરવા માટેની વિશ્ર્વકર્મા યોજના બનાવવામાં આવી છે. જેનું આખા દેશમાં એક જ દિવસે ૭૦ જેટલા સ્થળે લોન્ચીંગ રાખવામાં આવ્યું છે.

રાજકોટમાં પણ વિશ્ર્વકર્મા યોજનાનું રૈયા રોડ પર આવેલ અટલ બિહારી વાજપાઈ ઓડીટોરીયમ ખાતે લોન્ચીંગ રાખવામાં આવ્યું છે. જેમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે. જ્યારે આ કાર્યક્રમમાં રાજકોટના કારીગરો પણ વડાપ્રધાન સાથે વર્ચ્યુઅલ રીતે જોડાશે. વિશ્ર્વકર્મા યોજના અંતર્ગત નાના કારીગરોને ૧૫ હજારની સહાય અને ૫૦૦ રૂપિયા પ્રતિદિન ભથ્થા સાથે તાલીમ આપવાની યોજના બનાવવામાં આવી છે. જેમાં કારીગરોને એક લાખ રૂપિયાની લોન વગર સિકયુરિટીએ મળશે. એક લાખની લોન મેળવ્યા બાદ કારીગર નિયમિત હપ્તા ભરશે તો વધુ બે લાખની લોન ફાળવવામાં આવશે.

### ગાંધી જયંતી નિમિતે કેન્દ અને રાજ્ય સરકાર દ્વારા

# સ્વછ ભારત અભિયાન અંતર્ગત સ્વછતા હી સેવાની ઉજવણી કરવામાં આવશે ત્યારે ડીસામાં તંત્ર દ્વારા તેની દેખી-અનદેખી ના દશ્યો

### ગવાડી પાસે અસગરી પાર્કના માલિકીના પ્લોટ નં ૯૪ માં ચાર દિવસ થી પડેલી ગાયના માસની દુરગઁધ લોકો બીમાર તથા હીઝરત કરવા મજબુર

। મહંમદ રફીક શેખ (રાજુ) ડીસા, તા.૧૬ ।

એક તરફ કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત મહેનત અને અરબો રૂપિયાનુ બજેટ ખર્ચ તથા મહાત્મા ગાંધી જન્મજયંતિ નિમિત્તે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત રાજ્યમાં તા. ૧૫ સપ્ટેમ્બરથી ૧૫ ઓકટોબર-૨૦૨૩ દરમિયાન સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ યોજાશે. આ વર્ષે 'ગાર્બેજ ફ્રી ઈન્ડિયા' થીમ ઉપર સ્વચ્છતા હી સેવા કાર્યક્રમની ઉજવણી કરાશે. ત્યારે બનાસકાંઠા જિલ્લની આર્થિક નગરી ડીસા માં કોઈ નિયમ લાગુ ના પડતા હોય તેવા દ્રશ્યો નજર સમક્ષ આવી રહ્યા છે. ડીસા નગરપાલિકા વોર્ડ નં ૯ ના ગવાડી પાસે આવેલ અસગરી પાર્ક સી.ટી સર્વે નં. ૪૦૭૩ ના પ્લોટ નં ૯૪ માં માલિકીના પ્લોટમાં ચાર દિવસ થી મરેલી હાલતમાં પડેલ ગાયને કુતરા દ્વારા ફાડી નાખતા માસ ની દુરગઁધ થી આસ પાસના રહીશો હેરાન પરેશાન થઈ ગયા છે. જયારે કેટલાક લોકો વામિટિંગ કરી બીમારીમાં સપડાયા છે. તો કેટલાક લોકો દુરગઁધ થી ત્રાસી પોતાનુ ઘર ખાલી કરી અન્ય જગ્યાએ જવા મજબુર થયા છે. સ્થાનિક રહીશો દ્વારા તંત્ર ને લેખિતમાં જાણ કરાયા છતાય હંમેશાની જેમ કુંભકર્ણ નિંદ્રા માં પોઢીરહ્યુ હોય તેવા દ્રશ્યો નજર



સમક્ષ આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ૯૪ નંબર નો પ્લોટ અસગરી પાર્ક બન્યા ત્યારથી અવાવરૂ પડ્યો છે, અને તેમાં કોઈપણ જાતની એકટીવીટી નાથતા મોટા -મોટા વિસાળ બાવળીયાનાજાડ ઊગી ગયા છે અને તે જાડ દસ ફુટ કરતા વધુ ઊંચી દીવાલ ઉપર થઈ આજુ બાજુના ઘરોમાં જઈ રહ્યા છે, તથા ભયંકર જાડી ઝાખરા પણ થઈ ગયા છે, જેના લીધે ઉંદરો. માખી-મચ્છરો તથા અન્ય જીવ જંતુઓનો પુસ્કળ પ્રમાણમાં ઉદ્ભભવ થતા લોકો ખુબજ ત્રાંસ વેઠી રહ્યા છીએ તથા ભૂંડ.કુતરા. અને ગાય જેવા રખડતા પ્રાણીઓનો અડ્ડો બની ગયો હોવાથી આ પ્લોટમાં અવાર નવાર જાનવર મરતા તેની અતિસય દુરગંધ આસ પાસના ઘરોમાં આવે છે જેના લીધે પોતાના ઘરોમાં લોકોનુ સ્વાંસ લેવુ પણ મુસ્કિલ થઈ પડે છે.

# શ્રી વિશ્વકર્મા મંદિરમાં અમાવસ્યાએ નૃત્ય આરતી કરવામાં આવી

। ઝાલોદ, તા.૧૬ ।

શ્રી વિશ્વકર્મા મંદિર માં અમાવસ્યાએ નૃત્ય આરતી કરવામાં આવી........શ્રી વિશ્વકર્મા મંદિર ઝાલોદ ખાતે પંચાલ સમાજના વિવિધ યજમાનો દ્વારા દર અમવસ્યાની આરતી કરવામાં આવે છે .પવિત્ર શ્રાવણ માસની અમાવસ્યા (પીઠોરી અમાસ) ના દિવસે મ.પ્ર. ના રતલામના નિવાસી ગ.સ્વ પુષ્પાબેન રમેશચંદ્રના પરિવાર તરફથી દાદાની આરતીના યજમાન પદે આરતી ઉતારવામાં આવી હતી.ત્યારબાદ કાકાનવડી ના પગપાળા અંબાજી સંઘનું આગમન થતા સંઘનું સ્વાગત કરીને મ.પ્ર. રાણાપુર નિવાસી રાષ્ટ્રીય કલાકાર સંજય



ભાઈ પંચાલ દ્વારા નૃત્ય આરતી કરવામાં આવી હતી. ઉપસ્થિત સૌ સમાજ જનોએ નૃત્ય આરતીનો લાભ લીધો હતો. વરસતા વરસાદમાં નૃત્ય આરતી ના કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગી સૌ કોઈનો મંદિર સમિતિના પ્રમુખ અગ્નેશ પંચાલે આભાર માન્યો હતો.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી હરેશ વસાવાનો ભાજપામાં પ્રવેશ

। દીપક જગતાપ રાજપીપળા, તા.૧૬ ।

ગુજરાત પ્રદેશકોંગ્રેસના મહામંત્રી હરેશ વસાવાનો ભાજપામાં પ્રવેશ કરાયો છે. હરેશ વસાવા એ ભાજપ નો ખેસ ધારણ કરતા નર્મદા અને ગુજરાત કોંગ્રેસને મોટો ફટકો પડયો છે જેની ઘણા વખત થી ચર્ચા થઈ રહી હતી તે મુજબ સુરત ખાતે પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલના હસ્તેજિલ્લા ભાજપા પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલની ઉપસ્થિતીમાં હરેશ વસાવાએ ભાજપાનો ખેસ ધારણ કરતા નર્મદા ભાજપે કોંગ્રેસમાં મોટુ ગાબડું પાડી દેતા કોંગ્રેસ છાવણીમાં મોટો હડ કંપ મચી જવા પામ્યો છે.



પૂર્વ ધારાસભ્ય પી ડી વસાવાને પાર્ટીએ સપેન્ડ કર્યા

બાદ વિધાન સભાની ચૂંટણીમાં બીજા નંબરે વિજેતા થનાર હરેશ વસાવાને ભાજપા માં સામેલ કરી ભાજપે મોટો દાવ ખેલી આગામી લોક સભાની ચૂંટણીને ધ્યાને લેતા આગામી દિવસોમાં રાજકારણમાં નવો વળાંક આવે તો નવાઈ નહીં.

અત્રે ઉલ્લેખનીય છે કેહરેશ વસાવા અગાઉ કોંગ્રેસ તરફથી નાંદોદ વિધાનસભા બેઠક ઉપર ચૂંટણી લડયા હતા હાર મળી હતી.અને બીજા નંબરે રહ્યાં હતાં. હવે હરેશ વસાવાને ભાજપામાં જોડવાનો શું મોટો પ્લાન છે તે હવે સમય જ બતાવશે. આ પરિવર્તનના આગામી ભરુચ લોકસભાની ચૂંટણીમાં પડશે એ હવે નક્કી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. રસોડા માટે જરૂરી ચીજની ખરીદી સાંજે તમને વ્યસ્ત રાખશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે. જીવન ની સમસ્યાઓનું સમાધાન તમારે જાતે શોધવા ની જરૂર છે કારણ કે લોકો તમને ફક્ત સલાહ આપી શકે છે અને બીજું કંઇ નહીં.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. આજનો દિવસ તમને તમારા સાથીની રોમેન્ટિક બાજુની અંતિમ હદ દેખાડશે. કોઈને આપતા પહેલા તમારે તે કાર્ય વિશે ની માહિતી પણ એકત્રિત કરવી જોઈએ.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે. તમારા સંબંધીની મુલાકાત તમારા વિચાર કરતાં ઘણી સારી હશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? ગૃહપ્રવેશ માટે શુભ દિવસ.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. સંયુક્ત સાહસો તથા શંકાસ્પદ આર્થિક યોજનાઓમાં રોકાણ કરતા નહીં. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો. તમે આજે માતા સાથે સારો સમય પસાર કરી શકો છો, આજે તે તમારી સાથે તમારી બાળપણ ની વાતો શેર કરી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. તમે ઉજવણીના મૂડમાં હશો તથા પરિવારના સભ્યો તથા મિત્રો પાછળ નાણાં ખર્ચવા તમને ગમશે. માનસિક શાંતિ ખૂબ જ મહત્વપૂર્ણ છે - આ માટે તમે કોઈપણ બગીચા, નદી કાંઠે અથવા મંદિર ની મુલાકાત લઈ શકો છો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. આજે કોઈ પણ મૂંઝવણ તમને દિવસભર ત્રાસ આપી શકે છે. આ મૂંઝવણ ને દૂર કરવા માટે તમારે તમારા પરિવાર ના સભ્યો સાથે વાત કરવી જોઈએ.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે-આથી એ તમને બીકણ બનાવે એ પૂર્વે જ તેને ઉગતો જ ડામો. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે. આંખો કદી જૂઠું બોલતી નથી અને તમારા સાથીની આંખો તમને આજે કશું બહુ ખાસ કહી જશે. આજે તમે થોડી મુશ્કેલી માં આવી શકો છો અને તમે સમજી શકો છો કે તમારા જીવન માં સારા મિત્રો રાખવું ખૂબ જ મહત્વપૂર્ણ છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમે તમારી લાંબા ગાળાની બીમારી સામે લડી રહ્યા હો ત્યારે એ વાત સમજો કે પોતાની જાત પર વિશ્વાસ વીરત્વનો સાર છે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. પત્ની સાથે ઝઘડો માનસિત તાણ ભણી દોરી જઈ શકે છે. બિનજરૂરી તાણ લેવાની જરૂર નથી.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિંક અંગે સાવચેત રહેજો. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. તમારા જીવનસાથી આજે કદાચ વધુ પડતા વ્યસ્ત થઈ શકે છે અને તમારી માટે સમય ફાળવી નહીં શકે. જ્યારે તમારી પાસે વધુ મફત સમય હોય, ત્યારે નકારાત્મક વિચારો તમને વધુ પરેશાન કરે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.

### ન્યુઝ બોક્ષ

## અમેરિકામાં સસ્તી જમીન ખરીદવા NRIsની પડાપડી

। નવી દિલ્હી, તા.૧૬ ।

અમેરિકામાં બધું સેટ થાય તે સાથે જ ભારતીયો ત્યાં પ્રોપર્ટી તેમજ જમીનોમાં રોકાણ કરવાનું શરૂ કરી દે છે, તેમાંય હાલના દિવસોમાં ઈન્ડિયામાં જમીનના ભાવો આસમાનને આંબી રહ્યા હોવાથી લોકો ભારતમાં રૂપિયા રોકવા કરતાં અમેરિકામાં સસ્તામાં મળતી જમીન ખરીદવામાં વધારે રસ લઈ રહ્યા છે. જે રીતે અમેરિકામાં ગુજરાતીઓની મોટી વસ્તી છે તેવી જ રીતે અમેરિકામાં તેલુગુભાષી લોકો પણ ખૂબ મોટી સંખ્યામાં વસે છે. અમારા સાથી અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના એક અહેવાલ અનુસાર, હાલના દિવસોમાં હૈદરાબાદ જેવા શહેરની આસપાસ ૧ એકર જમીનના ભાવ ૪૦-૫૦ કરોડ રૂપિયાની આસપાસ પહોંચી ગયા છે, ત્યારે અમેરિકામાં વસતા તેલુગુભાષી લોકો હૈદરાબાદથી દસ ગણી ઓછી કિંમતમાં અમેરિકામાં મોટાપાયે જમીન ખરીદી રહ્યા છે, ખાસ કરીને ટેક્સાસમાં આવેલા ડલાસ અને ઓસ્ટિનમાં જમીનો ખરીદવામાં આવી રહી છે, જ્યા એક એકરનો ભાવ પાંચથી સાત લાખ ડોલર મતલબ કે ૪થી ૬ કરોડ રૂપિયાની આસપાસ ચાલે છે. અમેરિકામાં વસતા ભારતીય બિઝનેસમેનથી લઈને કોર્પોરેટ એક્ઝિક્યુટિવ્સ, ડોક્ટરો, વકીલો અને વેપારીઓ ટેક્સાસમાં જમીનો ખરીદી રહ્યા છે, નવાઈની વાત એ છે કે જે લોકો ટેક્સાસમાં નથી રહેતા તે લોકો પણ અહીં જમીન ખરીદવામાં રસ બતાવી રહ્યા છે. અમેરિકાના ઈન્ડિયાના સ્ટેટમાં કાર્ડિયોલોજિસ્ટ તરીકે પ્રેક્ટિસ કરતાં અને હાલમા જ ઓસ્ટિનમાં જમીન ખરીદનારા એક ભારતીય ડોક્ટરના જણાવ્યા અનુસાર ઈન્ડિયામાં જમીન ખરીદીને તેને સાચવવી ખૂબ જ અઘરી છે, તેવામાં છેક ઈન્ડિયા લાંબા થવાને બદલે તેનાથી સસ્તા ભાવે અમેરિકામાં જમીનમાં રોકાણ કરવું વધુ બહેતર છે. ટેક્સાસથી સેંકડો માઈલ દૂર રહેતા ઈન્ડિયન્સ પણ આ રાજ્યમાં જમીન ખરીદવામાં ખાસ રસ લઈ રહ્યા છે. ટેક્સાસમાં હવામાન પણ ભારતીયોને માફક આવે તેવું છે, અને અહીંયા જમીન કેલિફોર્નિયા જેવા રાજ્યની સરખામણીમાં લગભગ ૫૦ ટકા સસ્તી છે, ડલાસ જેવા શહેરની જ વાત કરીએ તો અહીં વર્ક અને લાઈફનું બેલેન્સ કરવું પ્રમાણમાં સરળ છે, અને ડલાસથી અમેરિકાના કોઈપણ ભાગ તેમજ ઈન્ડિયા જવા માટે સરળતાથી ફ્લાઈટ પણ મળી રહે છે. આટલું ઓછું હોય તેમ ડલાસ અને તેની આસપાસ ઘણી મોટી કંપનીઓ ઓપરેટ કરે છે. ટેસ્લાએ હાલમાં જ પોતાની ઓફિસ ઓસ્ટિનમાં શિફ્ટ કરી છે, જ્યારે ટોયોટાનું હેડક્વાર્ટર્સ નોર્થ ટેક્સાસમાં આવેલું છે. ટેક્સાસ ઈન્સ્ટ્રૂમેન્ટ્સ, સેમસંગ, ડેલ અને બીજી મોટી કંપનીઓ પણ અહીં આવેલી હોવાથી રોજગારીની તકો પણ વિશાળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. ટેક્સાસમાં ગુજરાતીઓની પણ સારી એવી વસ્તી છે, અહીં મોટાભાગની મોટેલ્સ તેમજ ઈન્ડિયન સ્ટોર્સની માલિકી ગુજરાતીઓ પાસે છે.

### કેનેડાએ ભારતને આપ્યો ઝટકો

# ખતરાનો સામનો કરવા માટે બંને દેશોએ સહયોગ કરવો જરૂરી : મોદી

### કેનેડામાં ઉગ્રવાદી તત્વો દ્વારા સતત ભારત વિરોધી પ્રવૃત્તિઓ અંગે સખત ચિંતા વ્યક્ત કરી હતી

। નવી દિલ્હી, તા.૧૬ ।

કેનેડાના ટ્રેડ મિનિસ્ટર મેરી એનજીએ ભારત માટે તેમના પ્રસ્તાવિત વેપાર મિશનને સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. કેનેડિયન મિશન આવતા મહિને ભારતમાં આવવાનું હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નવી દિલ્હીમાં તાજેતરમાં પૂર્ણ થયેલી G-20 સમિટ બાદ તાજેતરની ઘટના સામે આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોન્ફરન્સ દરમિયાન ખાલિસ્તાન મુદ્દે તેમના કેનેડિયન સમકક્ષ જસ્ટિન ટ્રૂડો સમક્ષ ચિંતા વ્યક્ત કરી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે આનાથી બંને દેશોના રાજદ્વારી સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. PM મોદીએ, G-20 સમિટ દરમિયાન કેનેડાના PM જસ્ટિન ટ્રૂડો સાથેની તેમની ટૂંકી મુલાકાતમાં, કેનેડામાં ઉગ્રવાદી તત્વો દ્વારા સતત 'ભારત વિરોધી પ્રવૃત્તિઓ' અંગે સખત ચિંતા વ્યક્ત કરી હતી. મોદીએ કહ્યું કે આવા ખતરાનો સામનો કરવા માટે બંને દેશોએ સહયોગ કરવો જરૂરી છે. તેમણે કેનેડામાં ભારત વિરોધી ગતિવિધિઓ ચાલુ રાખવા સામે વાંધો વ્યક્ત કર્યો હતો. ટ્રૂડોએ એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે થોડા લોકોની ક્રિયાઓ સમગ્ર સમુદાય અથવા કેનેડાનું પ્રતિનિધિત્વ કરતી નથી.

### કેન્દ્ર સરકારે કૃષિ સંબંધિત ડેટા માટે એકીકૃત પોર્ટલ લોન્ચ કર્યું



વડાપ્રધાન મોદીએ એ પણ ઉલ્લેખ કર્યો કે ભારત-કેનેડા સંબંધોની પ્રગતિ માટે પરસ્પર આદર અને વિશ્વાસ પર આધારિત સંબંધ જરૂરી છે. કેન્દ્ર સરકારે કૃષિ સંબંધિત ડેટા માટે એકીકૃત પોર્ટલ લોન્ચ કર્યું છે. પોર્ટલ લોંચ કર્યા પછી, નીતિ આયોગના સભ્ય રમેશ ચંદે જણાવ્યું હતું કે ભારતીય કૃષિ દ્વારા સામનો કરવામાં આવતા જટિલ ગવર્નન્સ પડકારોનો સામનો કરવા માટે આ એક મહત્વપૂર્ણ પગલું છે. તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કૃષિ ક્ષેત્રમાં ડેટા મેનેજમેન્ટને સુવ્યવસ્થિત કરવા અને વધારવા માટે રચાયેલ આ પ્લેટફોર્મ વધુ કાર્યક્ષમ અને પ્રતિભાવશીલ કૃષિ નીતિ માળખા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. કૃષિ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પહેલ ઈ-ગવર્નન્સના સિદ્ધાંતો અનુસાર છે અને આ પગલું વિશ્વસનીય ડેટાની એક્સેસને સરળ બનાવશે. તેનાથી સંબંધિત પક્ષકારોને વિચારીને નિર્ણય લેવામાં મદદ મળશે. કૃષિ મંત્રાલય દ્વારા વિકસિત યુનિફાઇડ પોર્ટલએ કૃષિ માટેના ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો એક મહત્વપૂર્ણ ઘટક છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પહેલ ભારતના કૃષિ ક્ષેત્રમાં સ્માર્ટનેસ, પારદર્શિતા અને ચપળતા લાવીને ઈ-ગવર્નન્સના સિદ્ધાંતોને અનુરૂપ છે. કૃષિ સચિવ મનોજ આહુજાએ જણાવ્યું હતું કે વપરાશકર્તાઓને વિશ્વસનીય, વિગતવાર અને ઉદ્દેશ્ય ડેટાની સરળ એક્સેસ સાથે પોર્ટલનો લાભ મળશે.

### સંજય મિશ્રાનો કાર્યકાળ સમાપ્ત

## રાહુલ નવીનને EDના કાર્યવાહક ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવશે

### સંજય કુમાર મિશ્રાના કાર્યકાળને વધારવા માટે CVC એક્ટમાં પણ સુધારો કરવામાં આવ્યો હતો

। નવી દિલ્હી, તા.૧૬ ।

ED ચીફ સંજય કુમાર મિશ્રાનો કાર્યકાળ આજે એટલે કે ૧૫ સપ્ટેમ્બરે પૂરો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર હવે EDના સ્પેશિયલ ડાયરેક્ટર રાહુલ નવીનને EDના કાર્યવાહક ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવશે. કાર્યવાહક ડિરેક્ટરનો



આદેશ ઔપચારિક રીતે શુક્રવારે મોડી રાત્રે અથવા આવતીકાલે શનિવારે સવારે આવે તેવી શક્યતા છે. સંજય કુમાર મિશ્રાએ લગભગ ૪ વર્ષ અને ૧૦ મહિના સુધી ED ડિરેક્ટર તરીકે સેવા આપી હતી. તમને જણાવી દઈએ કે, સંજય કુમાર મિશ્રાના કાર્યકાળમાં ઘણા વિવાદો પણ સામે આવ્યા હતા. વિપક્ષે ઘણા પ્રહારો કર્યા હતા. રાહુલ નવીન ૧૯૯૩ બેચના IRS ઓફિસર છે. સ્પેશિયલ ડાયરેક્ટર હોવા ઉપ રાંત, બિહારના રહેવાસી રાહુલ નવીન ED હેડક્વાર્ટરના ચીફ વિજિલન્સ ઓફિસર તરીકે પણ કામ કરી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર તેઓ નવા ડિરેક્ટરની ઔપચારિક નિમણૂક સુધી કાર્યકારી નિર્દેશકની જવાબદારી નિભાવશે. સંજય કુમાર મિશ્રાને ૨૦૧૮માં ED ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમનો કાર્યકાળ નવેમ્બર ૨૦૨૦માં પૂરો થવાનો હતો. કેન્દ્ર દ્વારા તેમને ત્રણ વખત સેવાનું વિસ્તરણ આપવામાં આવ્યું હતું. આ પગલાની વિપક્ષ દ્વારા ટીકા કરવામાં આવી હતી અને આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. સંજય કુમાર મિશ્રાના કાર્યકાળને વધારવા માટે CVC એક્ટમાં પણ સુધારો કરવામાં આવ્યો હતો. ગયા જુલાઈ મહિનામાં સુપ્રીમ કોર્ટે સંજય કુમાર મિશ્રાના ત્રીજા એક્સટેન્શનને ગેરકાયદેસર જાહેર કર્યું હતું. જે ૧૮ નવેમ્બર ૨૦૨૩ સુધી નક્કી કરવામાં આવ્યું હતું. કોર્ટે એમ પણ કહ્યું હતું કે તેમણે ૩૧ જુલાઈ સુધીમાં પદ છોડવું પડશે. જો કે, કેન્દ્ર સરકારે ત્યારબાદ સુપ્રીમ કોર્ટને વિનંતી કરી હતી કે તેમને ૧૫ ઓક્ટોબર સુધી પદ પર રહેવાની મંજૂરી આપવામાં આવે. જેના પર કોર્ટે તેમને ૧૫ સપ્ટેમ્બર સુધી પદ પર રહેવાની મંજૂરી આપી હતી.

### ગામમાં કોઈ પણ રસ્તા નથી

## ભારતનું એવુ ગામ, જ્યાં રહે છે માત્ર ૧ જ પરિવાર!

। નવી દિલ્હી, તા.૧૬ ।

ભારત વિવિધતાનો દેશ છે. અહીં તમને દરેક રાજ્યમાં કંઈક અનોખું જોવા મળશે, જે આ દેશ પ્રત્યે તમારો દ્દષ્ટિકોણ બદલી નાખશે. કેટલીક જગ્યાઓ પર તમે ખૂબ જ ગીચ વસ્તી જોશો અને અન્ય સ્થળોએ તમે નિર્જન વિસ્તારો પણ જોશો. આ બધું હોવા છતાં પણ આ દેશ પોતાનામાં ખૂબ જ ખાસ છે. આજે અમે તમને ભારતના એક અનોખા ગામ વિશે જણાવવા જઈ રહ્યા છીએ. આ ગામની વિશેષતા એ છે કે અહીં કોઈ રસ્તા નથી, અને આ ગામમાં માત્ર ૧ પરિવાર જ રહે છે. ભારતમાં આ ગામનું નામ બર્ધનારા નંબર ૨ છે. આ જ નામનું બીજું ગામ છે જેનું નામ બર્ધનારા નં.૧ છે. તમને જણાવી દઈએ કે આ ગામ આસામના નલબારી જિલ્લામાં આવે છે. ઘણા વર્ષો પહેલા આસામના એક મુખ્યમંત્રીએ ગામમાં એક રસ્તાનું ઉદ્દઘાટન કર્યું હતું, પરંતુ હવે તે રસ્તો તૂટી ગયો છે, તેનો કોઈ પત્તો નથી. આ એકમાત્ર રસ્તો ગામને મુખ્ય શહેર સાથે જોડતો હતો. પરંતુ હવે માત્ર કાચા રસ્તાઓ છે. ઘણા દાયકાઓ પહેલા આ ગામમાં ઘણા લોકો રહેતા હતા. પરંતુ ૨૦૧૧માં થયેલી વસ્તી ગણતરી મુજબ નંબર-૨ બર્ધનારા ગામમાં માત્ર ૧૬ લોકો જ બાકી રહ્યા હતા. પરંતુ હવે આ સંખ્યા વધુ ઘટી ગઈ છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અને એનડીટીવીના અહેવાલો અનુસાર, હવે આ ગામમાં માત્ર ૧ પરિવાર રહે છે જેમાં ૫ સભ્યો છે. અહીં કોઈ રસ્તા ન હોવાને કારણે લોકો અહીંથી નીકળી ગયા હતા અને વરસાદના દિવસોમાં લોકોને ઘણી અસુવિધાનો સામનો કરવો પડે છે. આજે પણ આ ગામમાં રહેતા પરિવારને વરસાદના દિવસોમાં હોડીના સહારે મુસાફરી કરવી પડે છે. પરિવારના વડાનું નામ બિમલ ડેકા છે, જ્યારે તેમની પત્ની અનિમા અને તેમના ત્રણ બાળકો નરેન, દિપાલી અને સિયુતિ આ ગામમાં રહે છે. અહેવાલો અનુસાર, બિમલ ડેકાના બાળકોએ જણાવ્યું કે, તેમને શાળાએ જવા માટે કાદવવાળા રસ્તા પર ૨ કિમી ચાલીને જવું પડે છે.

## એલિયન્સ ૧૦૦૦ વર્ષ પહેલાં મળી આવ્યા હતા!

। નવી દિલ્હી, તા.૧૬ ।

એક ર્હ્ન નિષ્ણાતે મેક્સિકન કોંગ્રેસ સામે આવા બે આંકડા રજૂ કર્યા, જે માનવ ન હતા. તેના હાથ પર માત્ર ત્રણ આંગળીઓ હતી. યુફોલોજિસ્ટ જેઈમ મશાને દાવો કર્યો હતો કે, આ બંને શબ એલિયન્સની છે અને એક હજાર વર્ષથી પણ વધુ જૂની છે. વૈજ્ઞાનિક પુરાવા મુજબ, તેમના ડીએનએના ત્રીસ ટકા અજ્ઞાત છે. તેમની ગરદન લાંબી હતી અને તેમને દાંત નહોતા. એક્સ-રે રિપોર્ટમાં જોવા મળ્યું કે, તેમના શરીરમાં રહેલા ઈંડાની અંદર એક ભ્રૂણ હતો. પરંતુ આ પહેલીવાર નથી કે, આવી તસવીરો સામે આવી હોય. આ પહેલા પણ એલિયન જેવી આ પ્રકારની તસવીરો શેર કરવામાં આવી છે. ૨૦૦૩ માં, ખજાનાના શિકારી ઓસ્કર મુનોઝને ચિલીના અટાકામા રણમાં એક વિચિત્ર શબ મળ્યો. આ વાતે સૌને ચોંકાવી દીધા હતા. તેની ખોપરી શંકુ જેવી હતી અને તેના ૧૫ ઈંચના શરીરમાં ૧૦ પાંસળીઓ હતી. ૧૯૯૫ માં, લંડનના રહેવાસી રે સેન્ટિલીએ બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મમાં એલિયનનું ઓટોપ્સી બતાવ્યું હતું.

## રોક ફોલ ટ્રિગર પહેલા જીઓલોજિકલ મૂવમેન્ટ શોધી શકશે

### હિમાચલ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદ બાદ થયેલા ભૂસ્ખલનના કારણે અનેક લોકોના જીવન અને અનેક મકાનો નાશ પામ્યા હતા

। નવી દિલ્હી, તા.૧૬ ।

ફેબ્રુઆરી ૨૦૨૧માં, ચમોલીની ઋષિ ગંગામાં સાડા પાંચ હજાર મીટરની ઉંચાઈથી આવેલા ખડક અને બરફના પતનથી માત્ર નીચલા વિસ્તારોમાં વિનાશ જ નહીં પરંતુ ૨૦૦ થી વધુ લોકોના જીવ પણ લીધા. આ દુર્ઘટનાના અઢી વર્ષ બાદ વાડિયા ઈન્સ્ટિટ્યૂટે મોટો ઘટસ્ફોટ કર્યો છે. વાડિયા ઈન્સ્ટિટ્યૂટનું કહેવું છે કે, આ ખડક પડવાના ઘણા સમય પહેલા જ આ સમગ્ર વિસ્તારમાં ભૂસ્તરશાસ્ત્રીય હિલચાલ શરૂ થઈ ગઈ હતી. ટ્રિગર સાઈટથી લગભગ ૧૨ કિલોમીટર દૂર તપોવન ખાતે સ્થાપિત વાડિયાના બ્રોડબેન્ડ સિસ્મોમીટરે ઘટનાના ત્રણ કલાક પહેલા સિગ્નલ રેકોર્ડ કર્યા હતા.

વાડિયા ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર કાલાચંદ સાઈએ કહ્યું કે, જો રિયલ ટાઈમ મોનિટરિંગની વ્યવસ્થા હોત તો ઋષિ ગંગામાં સર્જાયેલી દુર્ઘટનામાંથી જીવ બચાવી શકાયા હોત. કાલાચંદ સાઈ કહે છે કે, માત્ર હિમાચલ અને ઉત્તરાખંડમાં જ નહીં પરંતુ સમગ્ર હિમાલય પ્રદેશમાં સમાન ઉચ્ચ ક્ષમતાના બ્રોડબેન્ડ સિસ્મોમીટર્સ ઈન્સ્ટોલ કરીને ભૂસ્ખલન, ભૂકંપ અને હિમપ્રપાતની પ્રારંભિક ચેતવણી પ્રણાલી વિકસાવી શકાય છે. વાડિયા ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર કાલાચંદ સાઈના જણાવ્યા અનુસાર આ માટે પહેલા સંવેદનશીલ વિસ્તારોનું મેપિંગ કરવું જોઈએ. વાડિયા સંસ્થાએ નૈનીતાલ, મસૂરી, ધૌલી ગંગા અને ભાગીરથી કેચમેન્ટ વિસ્તારો માટે પણ આવા મેપિંગ કર્યા છે. વાડિયા સંસ્થાએ લગભગ ૭૦ થી ૭૫ સ્થળોએ આવા ઉપકરણો લગાવ્યા છે, પરંતુ તેનો ડેટા જાતે જ એકત્ર કરવો પડે છે.

આ તપોવનમાં સિસ્મોમીટરની ડેટા ચિપના વિશ્લેષણ પછી બહાર આવ્યું છે જેમાં ૨૦૨૧ની આપત્તિની ગતિવિધિઓ નોંધવામાં આવી છે. વાડિયા ઈન્સ્ટિટ્યૂટના રિસર્ચથી સ્પષ્ટ થાય છે કે, જો આ હિલચાલ પર રિયલ ટાઈમ દેખરેખ રાખવાની સિસ્ટમ હોય તો હિમાલયના રાજ્યોમાં આવતી અનેક કુદરતી આફતોથી લોકોને બચાવી શકાય છે.

## વિશેષ લેખ

### શાળાઓમાં ભણતા દિવ્યાંગ બાળકોને ખાસ અક્ષર રીવર ક્રુઝની શાનદાર સવારી કરાવવામાં આવી

# વિશ્વના લોકપ્રિય નેતા નરેન્દ્ર મોદીના ૭૩માં જન્મદિવસની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સિગ્નલ સ્કૂલના બાળકો અને દિવ્યાંગ બાળકો સાથે વિશિષ્ઠ ઉજવણી

### બાળકો ક્રુઝમાં સવારી કરી આનંદ અને હર્ષોલ્લાસની લાગણી અનુભવી પ્રધાનમંત્રીશ્રી શતાયુ અને દિર્ઘાયુ જીવન જીવે તેવી પ્રાથના કરી

વિશ્વના લોકપ્રિય નેતા તેમજ ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આજે જન્મદિવસ છે. "ભિક્ષા નહિ શિક્ષા "ના ઉમદા અભિગમથી સફળતાપૂર્વક ચાલતી સિગ્નલ સ્કૂલના બાળકો અને દિવ્યાંગ બાળકોને અક્ષર રિવર ક્રુઝની રાઈડ કરાવવામાં આવી અને તેમના જ હસ્તે કેક કાપીને અનોખી રીતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મ દિવસની ઉજવણી કરવાની પ્રેરણા ગુજરાત રાજયના મૃદુ અને સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશોએ આપી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી સિગ્નલ સ્કૂલ અને મ્યુનિ. શાળાઓમાં ભણતા દિવ્યાંગ બાળકોને ખાસ અક્ષર રીવર ક્રુઝની શાનદાર સવારી કરાવવામાં આવી, મિષ્ટાન જમાડવામાં આવ્યા અને તેમના જ હસ્તે કેક કાપી અનોખી રીતે મોદીજીના જન્મદિવસને ઉજવવામાં આવ્યો. સિગ્નલ અને દિવ્યાંગ બાળકોના માટે આ જીવનનો યાદગાર પ્રસંગ બની રહેશે. બાળકો ક્રુઝમાં સવારી કરી આનંદ અને હર્ષોલ્લાસની લાગણી અનુભવી પ્રધાનમંત્રીશ્રી શતાયુ અને દિર્ઘાયુ જીવન જીવે તેવી પ્રાથના કરી.

આ પ્રસંગે અમદાવાદના મેયરશ્રી પ્રતિભાબેન જૈન, ડે.મેયરશ્રી જતિનભાઈ પટેલ, પક્ષના નેતાશ્રી ગૌરાંગ પ્રજાપતિ, દંડકશ્રી શિતલબેન, સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી ડૉ.સુજય મહેતા, વાઈસ ચેરમેનશ્રી વિપુલભાઈ સેવક, શાસનાધિકારીશ્રી ડૉ. એલ.ડી. દેસાઇ, મ્યુનિ. સ્કૂલ બોર્ડના સભ્યશ્રીઓની ઉપસ્થિતિ રહ્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનશ્રી મોદીજીને પણ આ સિગ્નલ સ્કૂલના બાળકો અને દિવ્યાંગ બાળકો પ્રત્યે વિશેષ લાગણી છે તે ધ્યાનમાં રાખી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા આવા બાળકો માટે અનોખી વ્યવસ્થા કરીને જન્મદિવસને વિશિષ્ઠ રીતે ઉજવવામાં ખાસ સહયોગ અને મદદરૂપ થનાર મ્યુનિ. કમિશનરશ્રી એમ.થેન્નારસનને અ.મ્યુ. કો.ના મેયર સહિતના પદાધિકારીશ્રીઓએ અભિનંદન આપ્યા હતા.



## રશિયાના વેગનર ગ્રુપને બ્રિટને આતંકવાદી સંગઠન જાહેર કર્યું

| મોસ્કો, તા.૧૬ |

રશિયાના વેગનર ગ્રુપને બ્રિટને આતંકવાદી સંગઠન જાહેર કરીને મોટો આંચકો આપ્યો છે. આ વિવાદાસ્પદ ગ્રુપ માનવ અધિકાર અને યુધ્ધમાં ક્રુરતાને લગતા અનેક આરોપો છે. વેગનર આર્મી ગ્રુપ એક સમયે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનનું માનીતું હતું. યુક્રેન યુધ્ધમાં વેગનેર ગ્રુપના લડવૈયાઓ બહાદૂરીથી લડયા હતા,પરંતુ વેગેનર ગ્રુપના વડા યેવેગની પ્રિગોઝીનના એર કેસમાં થયેલા મુત્યુ પછી પાસુ પલટાઇ ગયું છે.

પુતિન સરકાર સામે વેગેનર ગ્રુપે બળવો કર્યા પછી જ પડતીની શરુ થઇ હતી. પ્રિગોઝીને બળવો નિષ્ફળ ગયા પછી પુતિન સામે ઝુકી ગયા હતા અને માફી પણ માંગી હતી તેમ છતાં પુતિન કદાંચ દીલથી માફ કરી શકયા ન હતા. વેગેનર ગ્રુપના સૈનિકો બેલારુસના તાનાશાહ લૂકા શેંકોના આશ્રિત બનીને રહી ગયા હતા.

યુક્રેન યુધ્ધમાં મહત્વના સ્થાનો પર વેગનર ગ્રુપની સેવાઓ બંધ કરવામાં આવી હતી. પ્રાઈવેટ આર્મી એટલે કે ભાડૂતી સૈનિકો ઉભા કરવામાં કેટલું જોખમ છે વેગનર ગ્રુપ સૌથી મોટું ઉદાહરણ છે.

વેગેનર આર્મીને રશિયાએ સીરિયામાં ઉતારી હતી. માલી સહિત આફ્રીકાના કેટલાક દેશોમાં વેગનરની આણ પ્રવર્તે છે પરંતુ હવે તેના સૈનિકો આતંકવાદીઓના લિસ્ટમાં આવી ગયા છે.

### એશિયાકપની ફાઈનલ પહેલાં શ્રીલંકાની ટીમને આંચકો

# મહેશ થીક્ષાના તીક્ષના ઈજા થતા ભારત સામેની ફાઈનલ ગુમાવશે

| કોલંબો, તા.૧૬ |

એશિયા કપ ૨૦૨૩ની ફાઈનલ પહેલા શ્રીલંકાની ટીમને મોટો ઝટકો લાગ્યો છે. આવતીકાલે ભારત અને શ્રીલંકા વચ્ચે એશિયા કપની ફાઈનલ રમાનાર છે પરંતુ તે પહેલા શ્રીલંકાની મુશ્કેલીઓ વધી ગઈ છે. શ્રીલંકાના દિગ્ગજ સ્પિનર મહિષ તીક્ષના ભારત સામે ફાઈનલ નહી રમી શકે. તીક્ષનાને ઈજાના કારણે બહાર થવું પડ્યું છે. પાકિસ્તાન સામે રમાયેલી મેચ દરમિયાન તીક્ષના ઈજાગ્રસ્ત થયો હતો. હવે આ ઈજાના કારણે તે ફાઈનલમાં નહી રમી શકે. ભારત અને શ્રીલંકા વચ્ચે આવતીકાલે કોલંબોમાં એશિયા કપ ૨૦૨૩ની ફાઈનલ મેચ રમાનાર છે. આ ખિતાબી મુકાબલો ભારતીય સમયાનુસાર બપોરે ૩:૦૦ વાગ્યે શરુ થશે. દાસુન શાનાકાની કેપ્ટનશીપમાં શ્રીલંકન ટીમે સુપર-૪માં પાકિસ્તાન અને બાંગ્લાદેશને હરાવ્યું હતું. જો કે ભારત સામે શ્રીલંકાને હારનો સામનો કરવો પડ્યો હતો. આવી રીતે શ્રીલંકાની ટીમે ૪ પોઈન્ટ્સ સાથે ફાઈનલમાં જગ્યા મેળવી હતી. હવે ફરી એકવાર બંને ટીમો ફાઈનલમાં એકબીજા સાથે ટકરાશે.

રોહિત શર્માના નેતૃત્વ હેઠળ ભારતીય ટીમ એશિયા કપ ૨૦૨૩ની ફાઈનલમાં પહોંચનારી પ્રથમ ટીમ બની હતી. ભારતે સુપર-૪ રાઉન્ડમાં પાકિસ્તાના અને શ્રીલંકાને હરાવ્યા હતા. જો કે બાંગ્લાદેશ સામે ગઈકાલે ભારતીય ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો. જો કે ભારત પહેલા જ ફાઈનલ માટે ક્વાલિફાય કરી ચુક્યું હતું. જો કે ભારત અને શ્રીલંકાની ટીમો ફાઈનલમાં પહોંચી ગઈ છે. જ્યારે પાકિસ્તાન અને બાંગ્લાદેશની ટીમો ફાઈનલ માટે ક્વોલિફાય કરવામાં નિષ્ફળ રહી હતી.



### બાંગ્લાદેશ સામે ભારતે છ રનથી હારનો સામનો કરવો પડ્યો

# શુભમન ગિલની સદી છતાં હાર, અગાઉ સચિન સાથે આવું થયું હતું

### સચિને એશિયા કપ ૨૦૧૨ દરમિયાન બાંગ્લાદેશ સામે ૧૪૭ બોલમાં ૧૧૪ રનની શાનદાર ઇનિંગ રમી હતી

| કોલંબો, તા.૧૬ |

એશિયા કપ ૨૦૨૩ના સુપર-૪માં ભારતીય ટીમને બાંગ્લાદેશ સામે ૬ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. કોલંબોમાં ૨૬૬ રનનો પીછો કરતા ભારતીય ટીમ ૨૫૯ રન પર સમેટાઈ ગઈ હતી. એક સમય એવું લાગી રહ્યું હતું કે ભારત જીત તરફ વધી રહ્યું છે પરંતુ અંતિમ ૨ ઓવરમાં પાસા પલટી ગયા હતા. શુભમન ગિલે બાંગ્લાદેશ સામે શાનદાર સદી ફટકારી હતી. તેણે ૧૩૩ બોલમાં ૮ ચોગ્ગા અને ૫ છગ્ગાની મદદથી ૧૨૧ રન બનાવ્યા હતા. ભારતની હાર સાથે ગિલ અને ક્રિકેટના ભગવાન કહેવાતા સચિત તેંડુલકર વચ્ચે ૧૧ વર્ષ બાદ એક વિચિત્ર સંયોગ જોવા મળ્યો છે. ભારતીય ટીમનો ઓપનર શુભમન ગિલ એશિયા કપમાં બાંગ્લાદેશ સામે મળેલી હારમાં સદી ફટકારનાર બીજો ભારતીય બેટ્સમેન બની ગયો છે. ગિલ પહેલા આવું માત્ર સચિન તેંડુલકર સાથે



થયું હતું. સચિને એશિયા કપ ૨૦૧૨ દરમિયાન બાંગ્લાદેશ સામે ૧૪૭ બોલમાં ૧૧૪ રનની શાનદાર ઈનિંગ રમી હતી.

આ સદી દરમિયાન સચિને ૧૨ ચોગા અને ૧ છગ્ગો ફટકાર્યો હતો. આ મેચ મીરપુરમાં રમાઈ હતી અને ભારતને ૪ બોલ બાકી રહેતા ૫ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. અહિયાં રસપ્રદ વાત એ છે કે એશિયા કપના ઈતિહાસમાં બાંગ્લાદેશ ભારત સામે આ બે મેચ જ જીત્યું છે.એશિયા કપ ૨૦૨૩માં ભારતે બાંગ્લાદેશ સામેની મેચમાં બેંચ સ્ટ્રેન્થ ચકાસવા માટે પાંચ એક્સપેરિમેંટ કર્યા હતા.

**શ્રીલંકા સામેની એશિયાકપની આજે ફાઈનલ**

## ઈજાને લીધે અક્ષર પટેલ શ્રીલંકા સામેની મેચ ગુમાવે એવી શક્યતા

| કોલંબો, તા.૧૬ |

ફાઈનલ પહેલા ભારતીય ટીમ માટે ચિંતાજનક સમાચાર આવી રહ્યા છે. ગઈકાલે સુપર-૪માં બાંગ્લાદેશ સામે રમાયેલી મેચ દરમિયાન ભારતીય ટીમના દિગ્ગજ સ્પિનર અક્ષર પટેલના કાંડામાં ઈજા થઈ હતી. તેના બોલિંગ આર્મ પર બોલ લાગી હતી જેથી તે શ્રીલંકા સામે આગામી એશિયા કપ ૨૦૨૩ની ફાઈનલ મેચથી બહાર થઈ શકે છે. આવી સ્થિતિમાં વોશિંગ્ટન સુંદરને ટીમ સાથે જોડાવવા માટે કહેવામાં આવ્યું છે. સુંદર અક્ષર પટેલના રિપ્લેસમેન્ટ અથવા બેકઅપ પ્લેયર તરીકે ટીમ સાથે જોડાશે.

મળેલા અહેવાલો અનુસાર ૨૩ વર્ષીય વોશિંગ્ટન સુંદરને અક્ષર પટેલના બેકઅપ તરીકે બોલાવવામાં આવ્યો છે. અક્ષર પટેલની ઈજા વિશે હજુ સુધી કોઈ માહિતી મળી નથી. જો કે માનવામાં આવી રહ્યું છે કે બાંગ્લાદેશ સામે રમાયેલી મેચ દરમિયાન તેના હાથ પર જે બોલ લાગી હતી તેના કારણે તે મુશ્કેલીમાં છે. આવતીકાલે એશિયા કપની ફાઈનલ મેચમાં ભારત અને શ્રીલંકા વચ્ચે ટક્કર થશે. જો અક્ષર આ મેચ માટે સંપૂર્ણપણે ફીટ નહી હોય તો તેની જગ્યાએ સુંદરને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરી શકાય છે.

### રેડક્રોસ સોસા.ની આરોગ્ય વિભાગ સાથે વિશેષ સેવા

# રાજ્યની સરકારી હોસ્પિટલોમાં ૭૩ જન ઔષધિ કેન્દ્રો શરૂ થશે

### રાજકોટમાં રેડક્રોસના ચેરમેન અજય પટેલની ઉપસ્થિતિમાં કેન્દ્રીય પ્રધાન મનસુખ માંડવિયા કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરશે

| અમદાવાદ, તા.૧૬ |

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તેના સેવા કાર્યોમાં વધુ એક ઉમદા કાર્ય હાથ ધરવા જઈ રહ્યું છે. સંસ્થા દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૩ વર્ષ પૂરા થવા પર તેમના જન્મદિને રાજ્યની ૭૩ સરકારી હોસ્પિટલોમાં રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના સહયોગથી ૭૩ જન ઔષધિ કેન્દ્રો શરૂ કરશે.

ગરીબ દર્દીઓમાં જનરિક દવાઓ અંગે જાગૃતી આવે અને તેમને સરળતાથી સસ્તી અને સારી દવાઓ મળી રહે એ હેતુથી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના સહયોગથી રાજ્યના જુદા જુદા જિલ્લાના ૭૩ સરકારી હોસ્પિટલોમાં જન ઓષધિ કેન્દ્રો શરૂ કરશે, એમ ગુજરાત રેક્રોસ સોસાયટીના ચેરમેન અજય પટેલ જણાવ્યું હતું. તેમમે વધુમાં કહ્યું હતું કે રાજ્યના આદિજાતી અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા ગરીબ દર્દીઓને પણ વાજબી ભાવે જેનરિક દવાઓ સરળતાથી મળી રહે તે માટે ઈન્ડિયન રેડોક્રોસ સોસાયટીએ રાજ્ય સરકારના આરોગ્ય વિબાગ સાથે સહયોગ કરીને હાલમાં અમદાવાદ સહિત રાજ્યના જુદા જુદા જિલ્લાની ૭૩ સરકારી હોસ્પિટલોમાં જન ઔષધિ કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ કેન્દ્રોનું ૧૭ સપ્ટેમ્બરે ઉદ્‌ઘાટન કરાશે. રાજકોટમાં પીડીયુ હોસ્પિટલમાં ૧૭ સપ્ટેમ્બરે સવારે ૧૦ વાગે અજય પટેલની ઉપસ્થિતીમાં કેન્દ્રીય આરોગ્યપ્રધાન મનસુખ માંડવિયા જ્યારે અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં રાજ્યના આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલ જન ઔષધિ કેન્દ્રોનું ઉદ્‌ગાટન કરશે.






## રાજકોટમાં બે ભાઇઓના શંકાસ્પદ મોત નિપજ્યા

| રાજકોટ, તા.૧૬ |

ગોંડલ શહેરના વોરાકોટડા રોડ પર આવેલા આવાસના ક્વાર્ટરમાં રહેતા બે સગા ભાઈઓના ઉલટી થયા બાદ શંકાસ્પદ રીતે મૃત્યુ નીપજ્યા હોવાની ઘટના સામે આવી છે. આ સમગ્ર મામલે રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવેલા રોહિત મકવાણા અને હરેશ મકવાણા નામના બંને સગા ભાઈઓના મૃત્યુ નીપજ્યા હોવાની ઘટના સામે આવી છે. પ્રાથમિક રીતે જ બનાવ શંકાસ્પદ જણાતા મૃત્યુ પામેલા બંને સગા ભાઈઓના ફોરેન્સિક પીએમની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ફોરેન્સિક પીએમનો રિપોર્ટ આવ્યા બાદ ખ્યાલ આવશે કે આખરે બંને સગા ભાઈઓના મૃત્યુ પાછળનું સાચું કારણ શું છે? સૂત્રો તરફથી મળતી માહિતી અનુસાર, મૃતકના માતા-પિતાએ ૧૫ દિવસ પૂર્વે છૂટાછેડા લીધા હતા. ત્યાર બાદથી બંને બાળકો પિતા સાથે રહેતા હતા.

### નર્મદાના સાગબારામાં અઢી ઈંચ

# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૯૧ તાલુકામાં વરસ્યો વરસાદ વરસ્યો

### ગીરસોમનાથમાં ગઈકાલે ધોધમાર વરસાદ વરસ્યો હતો, ગીર જંગલના ઉપરવાસમાં બે કલાકમાં દોઢ ઇંચ વરસાદ વરસ્યો હતો

| અમદાવાદ, તા.૧૬ |

રાજ્યમાં હવામાન વિભાગની આગાહીના પગલે અનેક ભાગોમાં વરસાદ નોંધાયો છે. રાજ્યના અનેક જિલ્લામાં મેઘરાજા મહેરબાન થતાં જોવા મળી રહ્યા છે. ૨૪ કલાકમાં રાજ્યના ૧૯૧ તાલુકામાં વરસાદ વરસ્યો છે. સૌથી વધુ નર્મદાના સાગબારામાં અઢી ઈંચ વરસાદ પડ્યો છે. ૫ તાલુકામાં ૨ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે બારડોલી, ગરુડેશ્વર, સોનગઢમાં ૨ ઈંચ વરસાદ પડ્યો છે.

ગરબાડા અને ઉમરપાડામાં પણ ૨ ઈંચ વરસાદ નોંધાયો છે. ૧૭ જેટલા તાલુકામાં એકથી દોઢ ઈંચ વરસાદ નોંધાયો છે. ગીરસોમનાથમાં ગઈકાલે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ગીર જંગલના ઉપરવાસમાં બે કલાકમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો. શિંગોડા ડેમના ઉપરવાસમાં ભારે વરસાદ નોંધાયો છે. જેના પગલે શિંગોડા ડેમનો એક




ગેટ ખોલાયો છે. ડેમનો દરવાજો ખોલતા કોડીનાર સહિત ૧૨ ગામોને એલર્ટ કરાયા છે. દાહોદમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ જોવા મળી રહી છે. વરસાદની આગાહી વચ્ચે મેઘરાજાનું આગમન થયું છે. જોકે, સતત વરસાદ બાદ રોડ રસ્તા ગટરના પાણીથી તરબોળ થયાં છે. લીમડીમાં વરસાદ થતાં ગટરના પાણી રોડ રસ્તા પર ફરી વળ્યાં છે. ગટરના પાણી ભરાઈ જતાં વાહનચાલકો અને રાહદારીઓને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. સુરતમાં મેઘરાજાની ફરીથી ધમાકેદાર બેટિંગ શરુ થઈ છે. ઓગસ્ટ મહિનો કોરોધાકોર ગયા બાદ હવે ફરીથી મેઘરાજાએ રિએન્ટ્રી કરતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. છૂટો છવાયો વરસાદ પડ્યા બાદ ખેડૂતો સારા વરસાદની રાહ જોઈને બેઠા હતા. એક માસથી વરસાદ ન થતા પાકમાં જીવાતનો ઉપદ્રવ થઈ ગયો હતો. હવે ફરીથી ધોધમાર વરસાદ થતા ખેડૂતો ખુશખુશાલ થયા છે. આજે વરસાદની આગાહીની વાત કરીએ તો, છોટાઉદેપુર અને નર્મદામાં અતિભારે વરસાદ થઈ શકે છે. આજે ૫ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. જેમાં સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દાદરાનગર અને દમણમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. પંચમહાલ, દાહોદ, વડોદરામાં પણ ભારે વરસાદ વરસી શકે છે.






## બે બાળકો સાથે માતાએ તળાવમાં ઝંપલાવી દીધું

| વડોદરા, તા.૧૬ |

પાદરા ખાતે એક યુવતી અને ૨ બાળકોની તળાવમાંથી લાશ મળી આવી છે. ત્રણ લોકોના મોતથી અરેરાટી મચી ગઈ છે. બે બાળકો અને માતા એમ ત્રણની લાશ બહાર કાઢવામાં આવી છે. પાદરાના અંબાજી તળાવ ખાતે આ દુર્ઘટના ઘટી છે. આ અંગે સામે આવેલી વિગતો અનુસાર સ્થાનિક લોકોએ બચાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ મહિલા પાણીમાં ડૂબી ગઈ હતી.






માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨